પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ ● અંક : ૧૯૭ ● કુલ પાના : ૪ ● તારીખ : ૧૩-૦૪-૨૦૨૩ ગુરૂવાર ● કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

### કર્ણાટક ભાજપમાં ઉથલપાથલ

## લક્ષ્મણ સાવદીએ પાર્ટી છોડવાની કરી જાહેરાત,ઉતાવળે નિર્ણય ન લેવા કહ્યું છે : મુખ્યમંત્રી બસવરાજ બોમ્મઈ

બેંગ્લુરૂ,

કર્ણાટક વિધાનસભા ચૂંટણી માટે ભાજપે ઉમેદવારોની પ્રથમ યાદી જાહેર કરી દીધી છે. તેમાં ૧૧ વર્તમાન ધારાસભ્યોની ટિકિટ કપાઈ હતી. તેનાથી નારાજ થઈ લક્ષ્મણ સાવદીએ ભગવા પાર્ટીના પ્રાથમિક સભ્યપદેથી રાજીનામુ આપી દેવાની જાહેરાત કરી દીધી. તેમણે કહ્યું કે મેં ભાજપના પ્રાથમિક સભ્યપદેથી રાજીનામુ આપવાનો નિર્ણય કર્યો છે. ભાજપ માટે આ એક મોટો આંચકો સાબિત થઈ શકે છે. કર્ણાટકના મુખ્યમંત્રી બસવરાજ બોમ્મઈ ઉમેદવારોની યાદી જાહેર કર્યા બાદથી ડેમેજ કન્ટ્રોલમાં લાગી ગયા છે.

મુખ્યમંત્રી બસવરાજ બોમ્મઈએ કહ્યું કે ૧૮૯ ઉમેદવારોની યાદી જાહેર કરાઈ છે. લગભગ બધા સહમત છે. પરંતુ અમુકે અસહમતિ વ્યક્ત કરી છે. તેમની સાથે ચર્ચા કરાશે. હું તેમનો સતત સંપર્ક કરી રહ્યો છું. સાવદીના રાજીનામાની જાહેરાત પર તેમણે કહ્યું કે મેં લક્ષ્મણ સાવદી જોડે વાત કરી છે અને તેમને ઉતાવળે નિર્ણય ન લેવા કહ્યું છે. ઉલ્લેખનીય છે કે સાવદીની બેલગાવી જિલ્લાની અથાની વિધાનસભા બેઠક પરથી વર્તમાન ધારાસભ્ય મહેશ કુમથલ્લીને ટિકિટ અપાઈ છે. કુમથલ્લી એ બળવાખોર સમૂહમાં સામેલ હતા જેમણે ૨૦૧૯માં કોંગ્રેસ-જેડીએસ ગઠબંધનની સરકારને પાડી દેવા અને બી.એસ.યેદિયુરપ્પાના નેતૃત્વમાં સરકાર બનાવવામાં ભાજપની મદદ કરી હતી.



સાવદી અથાનીથી ત્રણ વખત ધારાસભ્ય રહ્યા છે પણ ૨૦૧૮ની ચૂંટણીમાં તે કુમથલ્લીથી હારી ગયા હતા. ભાજપના એમએલસી સાવદીએ કહ્યું કે મેં નક્કી એક નિર્ણય કર્યો છે. હું પાર્ટીના પ્રાથમિક સભ્યપદેથી રાજીનામુ આપવા જઈ રહ્યો છું. એવી અટકળો છે કે તે કોંગ્રેસમાં જોડાઈ શકે છે.

દરમિયાન કર્ણાટકના પૂર્વ સીએમ જગદીશ શેટ્ટારનું વલણ બળવાખોર જોવા મળી રહ્યું છે. પાર્ટીએ તેમને ચૂંટણી ન લડવાની જાહેરાત કરવા કહ્યું હતું, પરંતુ તેમણે ના પાડી દીધી હતી. તેઓ ચૂંટણી લડવા માટે મક્કમ છે. જ્યારે મીડિયાએ આ અંગે સવાલ કર્યો ત્યારે પ્રધાને કહ્યું- પાર્ટી તેમને મનાવી લેશે.અગાઉ કર્ણાટકમાં ભાજપના વરિષ્ઠ નેતા ઈશ્વરપ્પાએ ચૂંટણીના રાજકારણમાંથી 'નિવૃત્તિ' લઈ લીધી છે. ઈશ્વરપ્પાએ મંગળવારે પાર્ટીના કેન્દ્રીય નેતૃત્વને જણાવ્યું હતું કે તેઓ ચૂંટણીના રાજકારણમાંથી નિવૃત્તિ લેવા માગે છે અને તેમને વિનંતી કરી હતી કે ૧૦ મેની વિધાનસભાની ચૂંટણીમાં તેમને કોઈપણ બેઠક પરથી મેદાનમાં ઉતારવાનું વિચારશો નહીં. ઈશ્વરપ્પાએ ચાર દાયકા સુધી પાર્ટીને મજબૂત કરવા માટે કર્ણાટકમાં પૂર્વ મુખ્યમંત્રી બી.એસ. યેદિયુરપ્પા સાથે મળી મહત્વની ભૂમિકા ભજવી હતી. બીજેપી નેતૃત્વએ કર્ણાટકના પૂર્વ મુખ્યમંત્રી અને પાર્ટીના નેતા જગદીશ શેટ્ટરને ચૂંટણી ન લડવા માટે કહ્યું છે, પરંતુ તેમણે આ નિર્ણયને અસ્વીકાર્ય ગણાવ્યો છે.

### ભાજપે કર્ણાટકમાં ૧૮૯ ઉમેદવારની યાદી જાહેર કરી : જેમાં માત્ર ૮ મહિલા અને ૫૨ નવાં નામ

એ યાદ રહે કે ભાજપે મંગળવારે રાત્રે કર્ણાટક વિધાનસભા ચૂંટણી માટે ૧૮૯ ઉમેદવારોની યાદી જાહેર કરી છે. જેમાં માત્ર ૮ મહિલાઓ છે. સીએમ બસવરાજ બોમ્માઈ શિગગાંવથી ચૂંટણી લડશે. પૂર્વ સીએમ બીએસ યેદિયુરપ્પાના પુત્ર વિજયેન્દ્ર તેમના પિતાના શિકારીપુરા મતવિસ્તારમાંથી ચૂંટણી લડશે. હવે માત્ર ૩૪ નામોની જાહેરાત થવાની બાકી છે. સીએમ બોમ્માઈએ કહ્યું- બીજી યાદી પણ ટૂંક સમયમાં જાહેર કરવામાં આવશે. ભાજપના રાષ્ટ્રીય મહાસચિવ સીટી રવિ તેમની પરંપરાગત ચિકમગલુર બેઠક પરથી ચૂંટણી લડશે. મંત્રી આર અશોકને બે બેઠકો પરથી મેદાનમાં ઉતારવામાં આવ્યા છે. તેઓ કનકપુરા અને પદ્મનાભનગર સીટ પરથી રાજ્ય કોંગ્રેસ અધ્યક્ષ ડીકે શિવકુમાર સામે ચૂંટણી લડશે. મંત્રી વી સોમન્ના પણ બે બેઠકો પર પોતાનું નસીબ અજમાવશે. વરુણા સીટ પરથી તેમનો મુકાબલો કોંગ્રેસના પૂર્વ મુખ્યમંત્રી સિદ્ધારમૈયા સાથે હશે. પાર્ટીએ તેમને ચામરાજનગરથી ટિકિટ પણ આપી છે. આરોગ્ય મંત્રી ડૉ.સુધાકર કે. મંત્રી ડૉ.અશ્વથનારાયણ સીએન મલ્લેશ્વરમ સીટ પરથી નસીબ અજમાવી રહ્યા છે જ્યારે ચિક્કાબલ્લાપુર સીટ પરથી.

અગાઉ કર્ણાટકમાં ભાજપના વરિષ્ઠ નેતા ઈશ્વરપ્પાએ ચૂંટણીના રાજકારણમાંથી 'નિવૃત્તિ' લઈ લીધી છે. ઈશ્વરપ્પાએ મંગળવારે પાર્ટીના કેન્દ્રીય નેતૃત્વને જણાવ્યું હતું કે તેઓ ચૂંટણીના રાજકારણમાંથી નિવૃત્તિ લેવા માગે છે અને તેમને વિનંતી કરી હતી કે ૧૦ મેની વિધાનસભાની ચૂંટણીમાં તેમને કોઈપણ બેઠક પરથી મેદાનમાં ઉતારવાનું વિચારશો નહીં. ઈશ્વરપ્પાએ ચાર દાયકા સુધી પાર્ટીને મજબૂત કરવા માટે કર્ણાટકમાં પૂર્વ મુખ્યમંત્રી બી.એસ. યેદિયુરપ્પા સાથે મળી મહત્વની ભૂમિકા ભજવી હતી.

## બ્રિટનના ૧૧ સાંસદોએ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથે મુલાકાત કરી G-20 સમિટ અંગે ચર્ચાઓ કરી

ગાંધીનગર,

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથે બ્રિટીશ પાર્લામેન્ટના ઓલ પાર્ટી પાર્લામેન્ટ્રી ગ્રૃપના ૮ જેટલા પાર્લામેન્ટ્રી મેમ્બર્સની ગાંધીનગરમાં મહત્વપૂર્ણ મુલાકાત બેઠક યોજાઈ હતી.આ ઓલ પાર્ટી પાર્લામેન્ટ્રી ગ્રૃપ યુ.કે ભારત અને ગુજરાત વચ્ચે ટ્રેડ એન્ડ ઈન્વેસ્ટમેન્ટ સંદર્ભમાં ભારતની મુલાકાતે છે તે દરમ્યાન ગુજરાત પ્રવાસ અંતર્ગત આ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને મળેલા આ ઓલ પાર્ટી પાર્લામેન્ટ્રી ગ્રૃપમાં બ્રિટીશ પાર્લામેન્ટના કોન્ઝરવેટીવ પાર્ટી, લેબર પાર્ટી, સ્કોટિશ નેશનલ પાર્ટી અને અપક્ષ-ક્રોસ બેંચના મળીને કુલ-૮ મેમ્બર્સ ઓફ પાર્લામેન્ટનો સમાવેશ થાય છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પ્રો-એક્ટીવ પોલિસી મેકીંગ, ઈઝ ઓફ ડૂઈંગ બિઝનેસ અને ઈન્વેસ્ટર્સ ફ્રેન્ડલી એપ્રોચ તેમજ રોબસ્ટ ઈન્ડસ્ટ્રીયલ અને લોજિસ્ટીક્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, સુવિધાપૂર્ણ ગુણવત્તાયુકત



સમાજજીવનને કારણે ગુજરાત મોસ્ટ પ્રિફર્ડ ઈન્વેસ્ટમેન્ટ ડેસ્ટિનેશન બન્યું છે તેની વિસ્તૃત છણાવટ બ્રિટીશ પાર્લામેન્ટના આ સભ્યો સમક્ષ કરી હતી. તેમણે કહ્યું હતું કે, વેપાર, ઉદ્યોગ, મેન્યૂફેક્ચરીંગ હરેક ક્ષેત્રે ગુજરાત અન્ય રાજ્યો કરતાં આગળ રહેલું છે અને વાયબ્રન્ટ સમિટની ઉત્તરોત્તર સફળતાને પગલે વિદેશી રોકાણોની પહેલી પસંદગીનું રાજ્ય બન્યું છે.

તેમણે કહ્યું કે, ગુજરાતમાં એવું સાનુકૂળ વાતાવરણ વ્યાપાર-ઉદ્યોગ માટે બન્યું છે કે એકવાર ગુજરાતમાં પોતાનો વ્યવસાય, ઉદ્યોગ શરૂ કરનારા રોકાણકારો પછી ગુજરાતમાં જ સ્થાયી થઈ જાય છે-અન્ય કયાંય જતા નથી. મુખ્યમંત્રીએ સોલાર તથા વિન્ડ એનર્જી ઉત્પાદનમાં અને ગ્રીન-કલીન ઊર્જામાં ગુજરાત દેશમાં ૧૫ ટકા જેટલું યોગદાન આપે છે તેની પણ વિગતો આપી હતી. મુખ્યમંત્રી સાથેની આ બેઠક દરમ્યાન બ્રિટીશ પાર્લામેન્ટના આ ઓલ પાર્ટી ડેલિગેશનના સદસ્ય સાંસદોએ ખાસ કરીને સોલાર રૂફટોપ, ગ્રીન ગ્રોથ, વેસ્ટ ટુ એનર્જી, સ્ટીલ પ્લાન્ટ સહિત ગુજરાતમાં ઉદ્યોગો માટે કન્ડ્યુસીવ એટમોસ્ફિયર વિશે જાણવામાં ઊંડો રસ દાખવ્યો હતો.

ગુજરાત પાસે લોજિસ્ટીક્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને સપ્લાય ચેઈનની જે સુદ્રઢ વ્યવસ્થા છે તેનાથી પણ તેઓ પ્રભાવિત થયા હતા અને ગુજરાત ગ્લોબલ ગેટ-વે બની શકે તેમ છે તેવો મત દર્શાવ્યો હતો. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ડેલિગેશનના સદસ્યોને ગિફ્ટ સિટીની વર્લ્ડકલાસ સુવિધાઓ અને IFSC, વગેરેની પ્રત્યક્ષ અનૂભુતિ કરવાનો અનુરોધ કર્યો હતો.ગુજરાતમાં ઉચ્ચશિક્ષણની વર્લ્ડકલાસ સુવિધાઓ અને સેક્ટર સ્પેસિફિક યુનિવર્સિટીઝની વિશેષતાથી પણ આ ડેલિગેશનને માહિતગાર કર્યુ હતું. તેમણે આ અંગે વધુમાં ઉમેર્યુ કે, ગિફ્ટ સિટી નજીક ગુજરાત બાયોટેક્નોલોજી યુનિવર્સિટી યુ.કેની યુનિવર્સિટી ઓફ એડનબર્ગ સાથેના સહયોગથી આકાર પામી છે.ભૂપેન્દ્ર પટેલે યુ.કે ની બેસ્ટ ગ્લોબલ યુનિવર્સિટીઝ પણ ગિફ્ટ સિટીમાં પોતાના કેમ્પસ શરૂ કરે તેવો પણ અનુરોધ કર્યો હતો.

### ઝેલેન્સ્કીએ વડાપ્રધાન મોદી પાસે મદદ માગી

## ભારતના પાકિસ્તાન-ચીન સાથે સંબંધ બરાબર નથી, ભારત ચેતીને ચાલે

નવીદિલ્હી,

યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમીર ઝેલેન્સ્કીએ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને મદદ માગતો લેટર લખ્યો છે, જેમાં તેમણે વધારે માનવ સહાય મોકલવાની વાત કહી છે. બીજી તરફ, યુક્રેનના નાયબ વિદેશમંત્રી એમિન ઝાપારોવાએ આ લેટર વિદેશ રાજ્યમંત્રી મીનાક્ષી લેખીને એક બેઠક દરમિયાન આપ્યો હતો. લેટરમાં દવાઓ અને તબીબી સાધનો સહિત વધારાની માનવ સહાય પૂરી પાડવા અંગે લખવામાં આવ્યું છે.

આ જ સમયે યુક્રેનના નાયબ વિદેશમંત્રી એમિન ઝાપારોવાએ ભારતને ચીન અને પાકિસ્તાન અંગે સલાહ આપી હતી. તેમનું કહેવું છે કે ભારત એ દુશ્મનોને ઓળખે, જેઓ વિચારે છે કે તેઓ ખોટું કરીને બચી જશે. માનવામાં આવી રહ્યું છે કે તેમનો આ સંકેત ભારતના પાડોશી દેશ ચીન અને પાકિસ્તાન માટે હતો.

નવી દિલ્હીમાં આયોજિત ઈન્ડિયન કાઉન્સિલ ઓફ વર્લ્ડ અફેર્સને સંબોધતાં એમિન ઝાપારોવાએ કહ્યું -



ગયા વર્ષે યુક્રેન પર થયેલા રશિયાના હુમલા પહેલાંની ઘટનાઓ આ વાતનું ઉદાહરણ છે કે ખરાબ પાડોશી સાથે કેવો વ્યવહાર કરવો જોઈએ. ચીન અને પાકિસ્તાન સાથે ભારતના સંબંધો મુશ્કેલ રહ્યા છે. ક્રિમિયામાં જે થયું એનાથી ભારતે બોધપાઠ લેવો જોઈએ. જ્યારે પણ કંઈ ખોટું થાય છે; જો એને રોકવામાં ન આવે તો એ એક મોટી સમસ્યા બની જાય છે.

૨૦૧૪માં રશિયાએ યુક્રેનના ક્રિમિયા પર આક્રમણ કરીને એને કબજે કરી લીધું હતું. ૨૦૧૬માં યુક્રેન સમજી ગયું કે રશિયન રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન યુક્રેન પર મોટા હુમલાની તૈયારી કરી રહ્યા છે. એ સમયે પુતિને યુક્રેનની સરહદ પર વિશાળ સંખ્યામાં સૈનિકો તહેનાત કર્યા હતા. જોકે ઝાપારોવાએ ભારત-રશિયા ઓઈલ ડીલનો ઉલ્લેખ કરતાં સ્પષ્ટ કર્યું કે યુક્રેન ભારતને એ જણાવવાની સ્થિતિમાં નથી કે તેમણે અન્ય દેશો સાથે કેવી રીતે સંબંધો જાળવી રાખવા જોઈએ. હકીકતમાં યુક્રેન પર હુમલા બાદ રશિયા પર ઘણા પ્રતિબંધો લાદવામાં આવ્યા હતા. એમ છતાં ભારત રશિયા પાસેથી સસ્તું તેલ ખરીદી રહ્યું છે અને એના દ્વારા તેઓ પોતાના નાગરિકોને રાહત આપી રહ્યું છે.

એમિન ઝાપારોવાએ કહ્યું- અમે ભારત સાથે સારા સંબંધો ઈચ્છીએ છીએ. રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજિત ડોભાલની રશિયાની મુલાકાતનો ઉલ્લેખ કરતાં તેમણે કહ્યું- યુક્રેન યુદ્ધને લઈને પીએમ મોદી સહિત વિશ્વના નેતાઓની પ્રતિક્રિયાઓ પર નજર રાખી રહ્યું છે. અમે નેતાઓની મુલાકાતો પર પણ નજર રાખી રહ્યા છીએ. એનએસએ અજિત ડોભાલ ત્રણ વખત મોસ્કો ગયા હતા. જો તેઓ યુક્રેન આવે તો તેમનું સ્વાગત છે. અમે ઈચ્છીએ છીએ કે તેઓ યુક્રેન આવે.

ભારતને વિશ્વનેતા ગણાવતા યુક્રેનના નાયબ વિદેશમંત્રીએ કહ્યું- અમે ભારતને વિશ્વગુરુ તરીકે જોઈએ છીએ. કેટલાક દેશો એવા છે, જે મિત્રતા અને શાંતિને બદલે યુદ્ધમાં માને છે, પરંતુ ભારત વિશ્વગુરુ તરીકે મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે. અમે યુદ્ધને સમાપ્ત કરવાના પ્રયાસોનું સ્વાગત કરીએ છીએ. એ જ સમયે તેમણે યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડિમીર ઝેલેન્સ્કીને ૨-૨૦માં આમંત્રણ આપવાનો મુદ્દો ઉઠાવ્યો. તેમણે કહ્યું- ભારત આ વર્ષે જી-૨૦ની અધ્યક્ષતા કરી રહ્યું છે. ભારત રાષ્ટ્રપતિ ઝેલેન્સ્કીને ફોન કરીને યુદ્ધથી જે સંકટ ફેલાયું છે એના પર પ્રકાશ પાડી શકે છે. રાષ્ટ્રપતિ ઝેલેન્સ્કી સપ્ટેમ્બર ૨૦૨૩માં જી-૨૦ સમિટને સંબોધન કરીને પણ ખુશ થશે.

## ગુજરાતની ૫ જેલના જેલર સામે કાર્યવાહી થશે, ગેરકાયદેસર વસ્તુઓ મળી આવવા મામલે બદલી થશે

અમદાવાદ,

ગુજરાતના અંદાજે પાંચથી વધુ જેલોના જેલરો સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. રાજ્યના ગૃહ વિભાગ દ્વારા હાથ ધરવામાં આવેલા મિશન જેલ સફાઈ અંતર્ગત કડક પગલાં લેવામાં આવશે. ગેરકાયદેસર વસ્તુઓ મળી આવવા મામલે આ જેલરોની બદલી થશે. રાજ્યની તમામ જેલોમાં ચાલેલા ઓપરેશન બાદ સરકાર કડક પગલાં લેશે.

તાજેતરમાં ગુજરાતભરની ૧૭ જેલમાં અચાનક જ ગુજરાત પોલીસના ૧૭૦૦ કર્મચારીઓ દ્વારા સર્ચ ઓપરેશન શરૂ કરવામાં આવ્યું હતું. અહેવાલો મુજબ ઘણી જેલોમાંથી ગાંજો, તમાકુ, મોબાઈલ ફોન વગેરે મળી આવ્યા હતા. ગૃહ રાજ્ય મંત્રી હર્ષ સંઘવી અને મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ પોતે આ કાર્યવાહી પર નજર રાખવામાં આવી હતી અને સમગ્ર માહિતી મેળવવામાં આવી હતી.

અમદાવાદની સાબરમતી સેન્ટ્રલ જેલ, વડોદરાની સેન્ટ્રલ જેલ, સુરતની લાજપોર જેલ અને રાજકોટની જેલ સહિત રાજ્યની કુલ ૧૭ જેલોમાં પોલીસના દરોડા પાડવામાં આવ્યા છે. જેલ વિભાગને સાથે રાખીને રાજ્યમાં સૌપ્રથમ વખત જેલો ઉપર ઓપરેશન હાથ ધરાયું હતુ.

## ગુજરાત પોલીસને મોટો ઝટકો, બુટલેગર વિજુ સિંધી સામેનું વોરંટ દુબઈ સરકારે રદ કર્યું

અમદાવાદ,

રાજ્યના સૌથી મોટા બુટલેગરને દુબઈથી પરત લાવવાના પ્રયત્નોમાં રાજ્યની પોલીસને મોટો ઝટકો લાગ્યો છે. દુબઈ સરકારે માગેલા અગત્યના દસ્તાવેજો ગુજરાત પોલીસે પૂરા નહીં પાડતા દુબઈ સરકારે વોરંટ રદ કર્યું છે. ગુજરાત પોલીસે જરૂરી કાગળ રજૂ નહિ કરતા વિજુ સિંધી સામેનું વોરંટ રદ કરી દીધું છે. બોન્ડની રકમ અને પાસપોર્ટ પરત કરવાનો પણ આદેશ કરાયો છે. બુટલેગર વિજુ સિંધીની પત્નીએ હાઈકોર્ટમાં રેડ કોર્નર અને પ્રત્યાપર્ણની નોટિસ પરત ખેચવા માગ કરી હતી. જેની સુનાવણી ગુરુવારે હાઈકોર્ટમાં કરવામાં આવશે. સૌથી મોટા બુટલેગર વિજુ સિંધી સામે પ્રોહિબિશનના ૩૮ કેસ નોંધાયેલા હતા. તો બીજી તરફ ગુજરાત હાઈકોર્ટમાં આજે મસ્જિદોમાં લાઉડ સ્પીકર દ્વારા અજાન પઢવા પર પ્રતિબંધની માંગ કરતી અરજી પર સુનાવણી કરશે. ૧૪ માર્ચે થયેલી છેલ્લી સુનાવણીમાં કોર્ટે આ મુદ્દે રાજ્ય સરકાર પાસેથી ૧૨ એપ્રિલ સુધીમાં જવાબ માંગ્યો હતો. અરજદારે અરજીમાં અલ્હાબાદ હાઈકોર્ટના મે ૨૦૨૦ના નિર્ણયનો ઉલ્લેખ કર્યો છે, જેમાં કહેવામાં આવ્યું હતું કે- અજાન ઈસ્લામનો અભિન્ન અંગ છે, પરંતુ લાઉડસ્પીકર કે માઈક ફરજિયાત નથી.

## માતા વૈષ્ણોદેવીના દર્શન માટે ભક્તોની ભીડ ઉમટી, ૧૦ દિવસમાં લાખો ભક્તો પહોંચ્યા

શ્રીનગર,

એપ્રિલના પહેલા ૧૦ દિવસમાં લગભગ ૩.૨૦ લાખ ભક્તો જમ્મુ અને કાશ્મીરના કેન્દ્ર શાસિત પ્રદેશના કટરા શહેરની ત્રિકુટ પહાડીઓમાં સ્થિત શ્રી માતા વૈષ્ણો દેવી મંદિરે પહોંચ્યા અને માતાને પ્રણામ કર્યા. શ્રાઈન બોર્ડના અધિકારીઓએ જણાવ્યું કે પરીક્ષાઓ પૂરી થતાની સાથે જ માતા વૈષ્ણો દેવીની ગુફામાં ભક્તોની ભીડ વધવા લાગી છે. તેમણે કહ્યું કે કટરા શહેરમાં ઉત્સવનો માહોલ છવાયેલો છે અને દેશના વિવિધ ભાગોમાંથી ભક્તો અહીં પહોંચી રહ્યા છે.

અધિકારીએ જણાવ્યું કે ચાલુ મહિનાના પહેલા ૧૦ દિવસમાં અત્યાર સુધીમાં ૩.૨૦ લાખ ભક્તોએ ગુફાના દર્શન કર્યા છે. સપ્તાહના અંતે શુક્રવારે ૪૬,૨૧૯ ભક્તોએ, શનિવારે ૪૭,૩૮૮ અને રવિવારે બપોરે ૩ વાગ્યા સુધી ૩૭,૫૦૦ ભક્તોએ ગર્ભગૃહની મુલાકાત લીધી હતી. ભારે ભીડને કારણે, યાત્રા નોંધણી કેન્દ્ર પણ થોડા સમય માટે બંધ કરવામાં આવ્યું હતું, જેના પગલે હજારો શ્રદ્ધાળુઓ માતા વૈષ્ણો દેવી શ્રાઈન બોર્ડ દ્વારા સ્થાપિત યાત્રા રજીસ્ટ્રેશન સેન્ટર, કટરા ખાતેના બેઝ કેમ્પમાં રોકાયા હતા, એમ એક અધિકારીએ જણાવ્યું હતું.

શ્રાઈન બોર્ડ પ્રશાસને શ્રદ્ધાળુઓની સુવિધા માટે તમામ યાત્રા રજીસ્ટ્રેશન કેન્દ્રો ખોલી દીધા છે. દરમિયાન, શ્રદ્ધાળુઓની સુરક્ષા માટે કટરા બેઝ કેમ્પ અને ભવન જવાના માર્ગ પર ૨૪ કલાક ચુસ્ત સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી છે.

## અમુક જજોની આળસને લીધે ચુકાદા સમયસર લખાતા નથી, કોલેજિયમ વ્યવસ્થા અપારદર્શક : પૂર્વ જસ્ટિસ

નવીદિલ્હી,

સુપ્રીમકોર્ટના પૂર્વ જજ જસ્ટિસ ચેલમેશ્વરે કોલેજિયમ સામે અનેક ગંભીર આરોપો મૂક્યા હતા. તેમણે કહ્યું કે આ વ્યવસ્થા પારદર્શક રીતે કામ નથી કરતી. તેમણે અમુક ન્યાયાધીશોને પણ કામ બાબતે અયોગ્ય ગણાવ્યા છે અને કહ્યું કે આળસને લીધે અનેકવાર ચુકાદા સમયસર લખાતા નથી. આ દરમિયાન તેમણે કેન્દ્રીય કાયદામંત્રી કિરેન રિજિજુના નિવેદન સામે પણ સવાલો ઊઠાવ્યા હતા.

પૂર્વ જજ ચેલમેશ્વર કેરળ હાઈકોર્ટમાં આયોજિત એક કાર્યક્રમમાં જોડાયા હતા. અહેવાલ અનુસાર તેમણે કહ્યું કે અમુક આરોપો કોલેજિયમ સામે આવે છે પણ સામાન્ય રીતે તેને લઈને કંઈ કરવામાં આવતું નથી. જો આરોપ ગંભીર હોય તો કદાચ કાર્યવાહી કરી દેવાય છે. સામાન્ય રીતે જજોની બદલી જ કરાય છે. અમુક જજ તો એટલા આળસુ હોય છે કે ચુકાદા લખવામાં વર્ષો કાઢી નાખે છે. અમુક જજ અયોગ્ય છે.

તેમણે લોકતંત્રમાં સ્વતંત્ર ન્યાયપાલિકા પર ભાર મૂક્યો હતો. તેમણે કહ્યું કે જરાક વિચારો તો એવું નહીં હોય તો શું થશે? વિચારો કે એક પોલીસકર્મી શું કરી શકે છે. તેનો અર્થ એ નથી કે તે ખરાબ છે પણ તેમની પાસે તાકાત છે અને તે ખુદ માટે કાયદો નક્કી કરી શકે છે. જસ્ટિસ ચેલમેશ્વર જૂન ૨૦૧૮માં નિવૃત્ત થઈ ગયા હતા. તેમણે કહ્યું કે આ ટિપ્પણીઓ બાદ બની શકે કે તેમને પણ ટ્રોલ કરવામાં આવી શકે છે.

અભીનંદન....
પંચમહાલ સમાચાર
દૈનિક
૨૭માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
નાકટી દૂધ ઉત્પાદક સ.મં.લી.
તરફથી અભીનંદન....
મુ. ચોર બારીયાના મુવાડા,
તા. ધાનપુર,
જી. દાહોદ

અભીનંદન....
પંચમહાલ સમાચાર
દૈનિક
૨૭માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
કંજેટાવાલા મોઈજભાઈ હુસનઅલી
તરફથી અભીનંદન....
મુ. સીંગાવલી,
તા. ધાનપુર,
જી. દાહોદ

અભીનંદન....
પંચમહાલ સમાચાર
દૈનિક
૨૭માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
તાબાવાલા નુરૂદ્દીનભાઈ હુસેનીભાઈ
તરફથી અભીનંદન....
મુ. અગાસવાણી,
તા. ધાનપુર,
જી. દાહોદ

અભીનંદન....
પંચમહાલ સમાચાર
દૈનિક
૨૭માં વર્ષમાં મંગળ પ્રવેશ થતાં
રાઠવા નટવરસિંગ પ્રવિણભાઈ
તરફથી અભીનંદન....
મુ. અંદરપુરા,
તા. ધાનપુર,
જી. દાહોદ

# મહિસાગર આવૃત્તિ

લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર


## સેડા અંતર્ગત ગોઠીબ (સંતરામપુર) ખાતે દિવ્યાંગો માટે ઉદ્યોગ સાહસિકતા વિકાસ તાલીમ કાર્યક્રમ યોજાયો



તસ્વીર : બશીર પઠાણ, સંતરામપુર

સંતરામપુર,
સમાજ સુરક્ષા ગુજરાત સરકાર ગુજરાત રાજ્ય (વિકલાંગ) દિવ્યાંગ નાણા અને વિકાસ નિગમ તથા સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા ભારતીય ઉદ્ય મિતા વિકાસ સંસ્થા ખાતે સ્થાપવામાં આવેલ દિવ્યાંજન સશક્તિકરણ કેન્દ્ર (સેડા) દ્વારા સી એન્ડ વુમન આંત્રપ્રીની ઓરસી ફાઉન્ડેશન અમદાવાદ સંસ્થાના સહયોગથી ગોઠીબ ખાતે ઉદ્યોગ સાહસિકતા તાલીમ બાર દિવસના કાર્યક્રમ ઘી દૂધ મંડળી હોલ ગોઠવી આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૩૫ દિવ્યાંજનોએ લાભ લીધો હતો આ તાલીમ કાર્યક્રમમાં ઉદ્યોગની પસંદગીથી લઈને ધંધો શરૂ કરવાની દિશામાં માહિતી જેવી કે ધંધો ક્યાંથી કેવી રીતે કરવો? ધંધાને વિવિધ તકો? માર્કેટિંગ પ્રોજેક્ટ રિપોર્ટ હિસાબી વ્યવસ્થા. નાણાકીય આયોજન વગેરે વિષયોમાં વિવિધ નિષ્ણાતો દ્વારા તાલીમ આપી સિદ્ધિ પ્રેરણા દ્વારા આત્મવ વિકાસ દ્રઢ કરવામાં આવેલ છે. તાલીમ બાદ પણ તાલીમાર્થીઓને ધંધો શરૂ કરવાની દિશામાં માર્ગદર્શન આપવામાં આવે છે આ તાલીમ કાર્યક્રમમાં ગોઠવી દૂધ મંડળીના સેક્રેટરી નારણભાઈ રાવળ, સી.એન.સોની, સીએન્ડવી વુમન્સ આંત્ર પ્રેરયોશીપ અમદાવાદ તથા સર્વ શિક્ષા અભિયાન સંતરામપુર ભુપત ઉપસ્થિત રહી તાલીમાર્થીઓને માર્ગદર્શન આપેલ સમગ્ર કાર્યક્રમનું સંચાલન નરસિંહભાઈ પરમાર, સી એન વી વુમન સેડા અંતર્ગત ગોઠીબ (સંતરામપુર) ખાતે દિવ્યાંગો માટે ઉદ્યોગ સાહસિકતા વિકાસ તાલીમ કાર્યક્રમ યોજાયો. સમાજ સુરક્ષા ગુજરાત સરકાર ગુજરાત રાજ્ય (વિકલાંગ) દિવ્યાંગ નાણા અને વિકાસ નિગમ તથા સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ દ્વારા ભારતીય ઉદ્ય મિતા વિકાસ સંસ્થા ખાતે સ્થાપવામાં આવેલ દિવ્યાંજન સશક્તિકરણ કેન્દ્ર (સેડા) દ્વારા સી એન્ડ વુમન આત્રપ્રિનીયોરસીપ અમદાવાદ સંસ્થાના સહયોગથી ગોઠીબ ખાતે ઉદ્યોગ સાહસિકતા વિકાસ તાલીમ બાર દિવસના કાર્યક્રમ ઘી દૂધ મંડળી હોલ ગોઠીબ ખાતે આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ૩૫ દિવ્યાંજનોએ લાભ લીધો હતો આ તાલીમ કાર્યક્રમમાં ઉદ્યોગની પસંદગીથી લઈને ધંધો શરૂ કરવાની દિશામાં માહિતી જેવી કે ધંધો ક્યાંથી ? કેવી રીતે કરવો ? ધંધાની વિવિધ તકો ? માર્કેટિંગ પ્રોજેક્ટ રિપોર્ટ, હિસાબી વ્યવસ્થા, નાણાકીય આયોજન વગેરે વિષયોમાં વિવિધ નિષ્ણાતો દ્વારા તાલીમ આપી સિદ્ધિ પ્રેરણા દ્વારા આત્મવ વિકાસ દ્રઢ કરવામાં આવેલ છે. તાલીમ બાદ પણ તાલીમાર્થીઓને ધંધો શરૂ કરવાની દિશામાં માર્ગદર્શન આપવામાં આવે છે. આ તાલીમ કાર્યક્રમમાં ગોઠવી દૂધ મંડળીના સેક્રેટરી નારણભાઈ રાવળ, સી એન સોની, સી એન્ડ વી વુમન્સ આત્રપ્રિનીયોરશીપ અમદાવાદ તથા પુજા પટેલ સર્વ શિક્ષા અભિયાન સંતરામપુર ઉપસ્થિત રહી તાલીમાર્થીઓને માર્ગદર્શન આપેલ સમગ્ર કાર્યક્રમનું સંચાલન નરસિંહભાઈ પરમાર, સી એન વી વુમન આત્રપ્રિનીયોર શીપ ફાઉન્ડેશન અમદાવાદ દ્વારા કરવામાં આવ્યું હતું.

## લુણાવાડા શિવશક્તિ સોસાયટી ખાતે મફત સર્વરોગ આયુર્વેદિક/હોમીયોપેથીક નિદાન સારવાર કેમ્પ તથા રક્તદાન કેમ્પનુ આયોજન કરાયું



તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

મહીસાગર,
નિયામક આયુષની કચેરી ગાંધીનગર તથા આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ ગુજરાત રાજય ગાંધીનગર તથા જીલ્લા આયુર્વેદ અધિકારીની કચેરી, આયુર્વેદ શાખા જીલ્લા પંચાયત કચેરી મહીસાગર લુણાવાડા દ્વારા સંચાલિત સરકારી આયુર્વેદ દવાખાનું ચાંપેલી અને સરકારી હોમીયોપેથી દવાખાનું બડેસરા, દ્વારા આયોજીત તથા આરોગ્ય શાખા જિલ્લા પંચાયત કચેરી મહીસાગરના સહયોગથી મફત સર્વરોગ આયુર્વેદિક/હોમીયોપેથીક નિદાન સારવાર કેમ્પ તથા રક્તદાન કેમ્પ(બલડ ડોનેશન કેમ્પ)નું આયોજન શિવશક્તિ સોસાયટી, ચાર કોશીયા નાકા લુણાવાડા ખાતે કરવામાં આવ્યું હતું

આ કેમ્પમાં શરીરની તમામ બિમારીઓ જેવી કે પેટના રોગો : અપચો, ભુખના લાગવી, પેટનો દુખાવો, એસીડીટી, ગેસ, કબજીયાત, આફરો, જૂનો મરડો તથા સ્ત્રીઓના રોગોઃ સફેદ પાણી પડવુ, માસિકને લગતી તકલીફો, વ્યંઘત્વ તથા વાળના રોગો : વાળ ખરવા, ખોડો, અકાળે વાળ સફેદ થવા તથા સાંધના રોગોઃ સંધિવાત, કમરનો દુખાવો તથા જૂની બિમારીઓ : ડાયાબીટીઝ, થાઈરોઈડ, બી.પી ની બિમારી, હાર્ટને લગતી બિમારી, જૂનો તાવ, જૂની શરદી, ખાંસી, દમ ચડવો, જૂનો માથાનો દુખાવો, અને ચામડીના રોગોઃ ખસ, જુનુ ખરજવું, સોરાયસીસ જેવી તકલીફોનુ આયુર્વેદિક/હોમીયોપેથીક પધ્ધતી દ્વારા સંપૂર્ણ મફત નિદાન કરી મફત દવા આપવામાં આવી જેનો લાભ અનેક લાભાર્થીઓ લીધો .

આ ઉપરાંત રોગપ્રતિકારક શકિતવર્ધક, અમૃતપેય, આયુર્વેદીક ઉકાળો તથા સંશમની વટી તથા આર્શેનીક આલ્બમ-૩૦નું મફત વિતરણ કરવામાં આવ્યું પંચકર્મમાં આવતી વિશેષ સારવાર અગ્નિકર્મ કેમ્પ સ્થળ પર કરવામાં આવ્યું. આ કેમ્પમાં જિલ્લા આયુર્વેદ અધિકારી મહીસાગર વૈદ્ય રણજીતસિંહ પુજાભાઈ, મેડીકલ ઓફીસર, સરકારી હોમીયોપેથીક ડો.રવીન્દ્રભાઇ પટેલ, મેડીકલ ઓફીસર સરકારી હોમિયોપેથીક દવાખાનું નાની સરસણ ડો.હરીશભાઈ બી.પટેલ, આયુષ તબીબ-અગ્નિકર્મ વૈદ્ય.આકાંક્ષા ચાવડા, વૈદ્ય.કિરણ પરમાર, આયુષ તબીબ-અગ્નિકર્મ વૈદ્ય. દેવદત શુકલા, આયુષ તબીબ-નસ્ય કર્મ વૈદ્ય.ઉત્સવ પટેલ, વૈદ્ય. મેહુલ ઉપસ્થિત રહ્યા હતા.

## મહીસાગર ખાતે જિલ્લા કક્ષાની સ્ટેમ 2.0નું આયોજન

લુણાવાડા,
ગુજકોસ્ટના માર્ગદર્શન હેઠળ મહીસાગર જિલ્લા લોક વિજ્ઞાન કેન્દ્ર દ્વારા જિલ્લા કક્ષાની સાયન્સ ક્વિઝ STEM 2.0 તા.૧૪-૦૪-૨૦૨૩ના રોજ યોજાવા જઈ રહી છે, જે રાષ્ટ્રીય કક્ષાની સૌથી મોટી સાયન્સ ક્વિઝ છે. આ ક્વિઝ સ્પર્ધા ઓનલાઈન માધ્યમથી યોજાવાની છે.મહિસાગર જિલ્લાના ધોરણ ૯ થી ૧૨ના ૩૫,૦૦૦ કરતા વધારે વિદ્યાર્થીઓએ આમાં ભાગ લીધેલ છે, આ સ્પર્ધા ઓનલાઈન માધ્યમથી બપોરે ૧૨ વાગ્યે તા.૧૪ ના રોજ યોજાથે, જેના માટેની લિંક https://quizadmin. gujarat. gov. in/ પર રજીસ્ટર્ડ વિદ્યાર્થીઓએ તેમના મોબાઈલ નંબર અને પાસવર્ડ દ્વારા લોગિન કરવાનું રહેશે. તાલુકાના શ્રેષ્ઠ ૧૦ વિદ્યાર્થીઓને રાજ્ય કક્ષાએ સ્પર્ધામાં ભાગ લેવાનો મોકો મળશે તથા ટેલિસ્કોપ, રોબોટીક કીટ વગેરે ઈનામોથી સન્માનિત કરવામાં આવશે.

ગુજરાત સ્ટેમ ક્વિઝ એક એવી પ્રવૃતિ છે કે જેમાં શિક્ષણ, ગમ્મત અને સ્પર્ધાનો ત્રિવેણી સંગમ જોવા મળે છે. આ પ્રવૃત્તીનું માળખું ઈન્ફોર્મલ સાયન્સને ધ્યાને લઈ ઘડવામાં આવ્યું છે. આ ક્વિઝ દ્વારા વિદ્યાર્થીઓમાં સ્ટેમ પ્રવૃતીઓ અંગેના ઉત્સાહમાં અભિવૃદ્ધિ કરવાનું ધ્યેય રહેલ છે.

## મહીસાગર જિલ્લાની સંચારી રોગ કમિટી બેઠક કલેક્ટર ભાવિન પંડ્યાની અધ્યક્ષ સ્થાને યોજાઈ



મહીસાગર,
મહીસાગર જિલ્લા સંચારી રોગ, કલાઈમેટ ચેન્જ એન્ડ હ્યુમન હેલ્થ અને સિકલસેસ કંટ્રોલ પ્રોગ્રામ મિટિંગ કલેક્ટર ભાવિન પંડ્યાની અધ્યક્ષ સ્થાને મિટિંગ હોલ જિલ્લા સેવસદન ખાતે યોજાઈ

કલેકટરએ જણાવ્યું હતું કે મહીસાગર જિલ્લામાં ન્યુટ્રીશન વાળા ખોરાકની પસંદગી અંગે નાગરિકોને ખાસ જાગૃત કરવાની જરૂર છે. જિલ્લામાં પોષણ ઉણપના દર્દીઓમા મહિલાઓની સંખ્યા અને ગર્ભવતી મહિલાઓ હોય તો તેઓને આ બાબતે યોગ્ય માર્ગદર્શન આપવા ઉમેર્યું હતું. આ ઉપરાંત તેમણે તમામ શાળામાં આજુબાજુ તમાકુ નિયત્રણ કાર્યક્રમ અંગે યુવાઓને જાગૃત કરવા સુચન કર્યું હતુ.

આ બેઠકમાં સચારી રોગો અને બર્ડ ફ્લૂ સર્વલેન્સ ,રોગ ચાળા નિયંત્રણ અંગે સમીક્ષા ,નગર પાલિકા વિસ્તારમાં કલોરીનેશન કામગીરી અને સ્ટોક પોજીશન, જાહેર સ્વચ્છતા ની જાળવણી,અને કલાઈમેટ ચેન્જ એન્ડ હ્યુમન હેલ્થ ,તમાકુ નિયંત્રણ ધારા હેઠળ વસુલવામાં આવેલ રકમ તથા કલાઈમેટ ચેન્જ અંગે વિસ્તૃત જાણકારી આપી હતી.

આ ઉપરાંત હોસ્પિટલ ખાતે કોવિડ સંદર્ભે ઓફિસરો, ડોક્ટરોની ટીમ અને હોસ્પીટલના સ્ટાફને તાલીમ અને મોકડ્રીક દ્વારા તૈયાર કરવામાં આવેલ છે કે કેમ તેની સમીક્ષા કરી હતી.

આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી, જિલ્લા પોલીસવડા, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી, જિલ્લા પુરવઠા અધિકારી, જિલ્લા મેલેરિયા અધિકારી, સિવિલ સર્જન સિવિલ હોસ્પિટલ, તાલુકા હેલ્થ ઓફિસરો સહિતના સબંધિત અધિકારી-કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## મહિસાગર જીલ્લા કોંગ્રેસ સમિતિ સંકલ્પ સત્યાગ્રહ સપ્તાહ કાર્યક્રમ યોજવામાં આવ્યો



મહિસાગર,
ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના આદેશ અનુસાર મહિસાગર જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ સુરેશભાઈ પટેલની અધ્યક્ષતામાં સંકલ્પ સત્યાગ્રહ સપ્તાહ અંતર્ગત કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં અખિલ ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ સમિતિના નેતા રાહુલજી ગાંધીને ખોટી રીતે હેરાનગતિ કરવાની બાબતને સખત શબ્દોમાં વખોડી કાઢી હતી.આ કાર્યક્રમમાં મહિસાગર જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સુરેશભાઈ પટેલ, માજી જિલ્લા પ્રમુખ હરજીવનદાસ પટેલ, દાહોદ લોકસભા માજી સાંસદ પ્રભાબેન તાવિયાડ, સંતરામપુર વિધાનસભા માજી ધારાસભ્ય જી.એમ.ડામોર, સંતરામપુર તાલુકા કોંગ્રેસ પ્રમુખ બાબુભાઈ પંચાલ, મહિસાગર જિલ્લા કોંગ્રેસ ટ્રાયબલ સમિતિ પ્રમુખ શનાભાઈ તાવિયાડ, મહિસાગર કોંગ્રેસ સેવાદળ પ્રમુખ ગુલાબભાઈ ડામોર, સંતરામપુર તાલુકા પંચાયત વિરોધ પક્ષ નેતા નાથુભાઈ તડવી, અશ્વિનસિંહ પુંવાર, પ્રવિણભાઈ ડામોર, દિપેશભાઈ પ્રજાપતિ, લતાબેન માલિવાડ, કોકિલાબેન ડામોર, ઈલાબેન દામા તેમજ મોટી સંખ્યામાં આગેવાનો અને કાર્યકર્તા મિત્રો હાજર રહ્યા હતાં.

## ઘોઘંબા તાલુકાના મલાવ ફળિયામાં આવેલ નડતરરૂપ આંગણવાડી તોડી પડાઇ



તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા,
ઘોઘંબા ગ્રામ પંચાયત વિસ્તારમાં આવેલ મલાવ ફળિયામાં રસ્તા વચ્ચે વીજપોલ અને જર્જરિત આંગણવાડી નો પ્રશ્ન વર્ષોથી યથાવત હતો. જેને ધ્યાને લઇ આજરોજ ઘોઘંબા ગ્રામપંચાયતના સરપંચ નિલેશભાઈ વરીઆ દ્વારા નડતરરૂપ આંગણવાડીને જેસીબી વડે સાવચેતી સાથે તોડી પાડવામાં આવી અને અહીંનો રસ્તો ખુલ્લો કરવામાં આવ્યો હતો. ઘોઘંબા ગ્રામ પંચાયતના સરપંચ નિલેશ વરીઆ તેમજ ટીમ ઘોઘંબા દ્વારા વીજપોલને બાજુમાં ખસેડાવી અને જર્જરિત આંગણવાડી તોડી રસ્તો ખુલ્લો કરવામાં આવ્યો.

## બાલાસિનોરના જોરાપુરા સામુહિક શૌચાલય પાણીની સુવિધા વગર શોભાનો ગાંઠિયો

બાલાસિનોર,
મહિસાગર જિલ્લાના બાલાસિનોર તાલુકા પંચાયતે સ્વચ્છ ભારત મિશન હેઠળ ગામે ગામ સામુહિક શૌચાલય બનનાવી દેવાયા છે. પરંતુ તેની પાછળ કોઈ ધ્યાન આપવામાં આવતુ નથી. જેને કારણે આજેપણ ગામડાઓમાં સવારે અજવાળુ થાય તે પહેલા ખુલ્લામાં શૌચક્રિયા માટે લોકો કોતરો તરફ જતા હોય છે. ત્યારે બાલાસિનોર નજીક આવેલ જોરાપુરા ગામે સામુહિક શૌચાલય ૧૪માં નાણાંપંચની ગ્રાન્ટમાંથથી વર્ષ-૨૦૨૦માં નવીન બનાવવામાં આવ્યુ હતુ. પરંતુ શૌચાલયમાં પાણીની સુવિધા કરેલ નથી. જેને કારણે હાલ જાહેર શૌચાલય બિનઉપયોગી થતાં જર્જરિત હાલતમાં જોવા મળી રહ્યુ છે. ગ્રામજનોના જણાવ્યામુજબ સરકારે શૌચાલય માટે બે લાખના ખર્ચે કર્યો પરંતુ પાણીની સુવિધા ન હોવાથી શૌચાલયનો ઉપયોગ થતો ન હોવાથી બનાવવાનો શુ મતલબ ? હાલ જોરાપુરાનુ સામુહિક શૌચાલય ધીરે ધીરે ખંડેર હાલતમાં ફેરવાતુ જોવા મળી રહ્યુ છે. જવાબદાર તંત્ર બંધ શૌચાલય કેવી રીતે ઉપયોગી બને તે માટે પ્રયાસ હાથ ધરે તો શૌચાલય ચાલુ થાય.

## જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ મહીસાગર દ્વારા તા.૧૭ના રોજ બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન

લુણાવાડા,
મહીસાગર ખાતે જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ દ્વારા રક્ત દાનએ મહાદાનના ઉમદા ઉદ્દેશ્યથી તા.૧૭-૦૪-૨૦૨૩ના રોજ સવારે ૧૦.૧૫ થી બપોરના ૪.૩૦ સુધી જિલ્લા ન્યાયાલય ખાતે રૂમ નં૧૩ મીડીએશન સેન્ટર ખાતે બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. ઉપરોક્ત કાર્યમાં તમામ મહીસાગર વાસીઓને પધારી આ કાર્યક્રમને સફળ બનાવવા આમંત્રણ છે.

## બાલાસિનોરના ઓથવાડ ગામે હયાત મહિલાનો મરણનો દાખલો કાઢી અપાયો

બાલાસિનોર,
બાલાસિનોર તાલુકાના ઓથવાડ ગામે હયાત મહિલાનો મરણનો દાખલો કાઢી આપવાનો વિવાદ સર્જાયો છે. જેમાં તલાટીની જાણ બહાર ઓપરેટરે દાખલો કાઢ્યાની દલીલ થઈ રહી છે. બાલાસિનોર તાલુકાના ઓથવાડ ગામના વિમળાબેન શનાભાઈ પરમારનો હયાત હોવા છતાં મરણનો દાખલો તલાટીના સહી સિક્કા સાથે કાઢી આપતા સમગ્ર મામલે હયાત મહિલાને જાણ થતાં તલાટીના પગ નીચે રેલો આવી ગયો હતો. જેમાં મળતી વિગતો અનુસાર વિમળાબેન શનાભાઈ પરમારના નાના દિકરા અનીલ શનાભાઈ પરમાર દ્વારા વિધવા માતાનુ મરણ તારીખ ૨૧ ફેબ્રુઆરી ૨૦૨૩ના રોજ થયુ હોવાનુ જણાવી ઓથવાડ તલાટી પાસે મરણનો દાખલો કઢાવ્યો હતો. જે બાદ વિધવા માતાની સંયુક્ત મિલ્કતમાં આવેલ વડોદરા ખાતેના મકાન વેચવા માટે ખોટા દસ્તાવેજ બનાવી મકાન વેચવા માટે પ્રયત્નો કરતા સમગ્ર મામલો પ્રકાશમાં આવ્યો હતો. જ્યારે ગ્રામ પંચાયતના જવાબદાર તલાટી દ્વારા બોગસ દાખલો આપવા બાબતે કોઈ કાર્યવાહી થશે કે કેમ તે જોવુ રહ્યુ.

## આપની આજ.......

મેષ : પોતાના નજીકના લોકો સાથે મળવાનો અવસર મળી શકે છે. સમય અનુકૂળ છે. થોડા સમયથી ચાલી રહેલી પરેશાનીઓ દૂર થશે. આ સમયે કોઈ પ્રકારની યાત્રા ટાળો તો સારું. વ્યવસાયિક કાર્ય યોજના સફળ થશે.

વૃષભ : તમારું સાદગીપૂર્ણ જીવન ઘર તથા બહાર બંને જગ્યાએ વ્યવસ્થા જાળવી રાખશે. રૂપિયા-પૈસાના મામલે સારું બજેટ જાળવી રાખશો. આ સમયે વ્યવસાયને લગતા મહત્ત્વપૂર્ણ નિર્ણય લેશો નહીં.

મિથુન : તમારી ક્ષમતાને પોઝિટિવ તથા મહત્ત્વપૂર્ણ ગતિવિધિઓમાં લગાવો. તમને સફળતા મળશે. વ્યવસાયમાં દૈનિક કાર્ય સરળતાથી પૂર્ણ કરશો. ઘર-પરિવારની જરૂરિયાતનું પણ તમે ધ્યાન રાખશો તથા સુખમય વાતાવરણ જળવાયેલું રહેશે. સ્વાસ્થ્ય સારું રહેશે.

કર્ક : આજે કોઈ અનુભવી તથા પ્રભાવશાળી વ્યક્તિ સાથે તમારી મુલાકાત થશે જે ઉન્નતિનો નવો માર્ગ પણ ખોલશે. પાર્ટનરશિપને લગતા વ્યવસાય પ્રગતિ કરશે. જીવનસાથી તથા પરિવારના લોકો સાથે આનંદ અને ઉલ્લાસપૂર્ણ સમય પસાર થશે.

સિંહ : આજે કોઈ મુશ્કેલ કામમાં સફળતા મળવાથી મન પ્રસન્ન રહેશે. યોજનાબદ્ધ રીતે તમારા કાર્યોને ક્રમબદ્ધ કરતા રહો. વ્યવસાયિક ગતિવિધિઓમાં બધા કાર્યો ચોક્કસ સમયે પૂર્ણ થઈ જશે.

કન્યા : ધાર્મિક તથા અધ્યાત્મિક ગતિવિધિઓમાં તમારો મોટાભાગનો સમય પસાર થશે. વ્યવસાયમાં થોડા વિઘ્ન આવશે, પરંતુ તમે બુદ્ધિબળ તથા ચતુરાઈથી સમસ્યાનો ઉકેલ શોધી લેશો.

તુલા : આજે તમારું પૂર્ણ ફોકસ તમારા ઘર-પરિવાર ઉપર રહેશે. કોઈ અટવાયેલું કામ પૂર્ણ થશે. નાણાકીય સંબંધો મામલે લીધેલું જોખમ ફાયદાકારક સાબિત થશે. વ્યવસાયિક પ્રતિસ્પર્ધામાં તમારે આકરી મહેનત કરવાની જરૂરિયાત છે.

વૃશ્ચિક : ધાર્મિક તથા સામાજિક કાર્યોમાં વ્યસ્તતા રહેશે. તમે તમારા વ્યક્તિત્વને નિખારવા માટે તમારી દિનચર્યાને વ્યવસ્થિત રાખશો.

ધનુ : તમારી છેલ્લી ભૂલને સુધારીને તમે સુંદર ભવિષ્ય તરફ આગળ વધશો. તમારું ધ્યાન માત્ર તમારા લક્ષ્ય ઉપર કેન્દ્રિત રહેશે. કોઈ વ્યવસાયિક યાત્રાને લગતો પ્રોગ્રામ બનશે જે લાભદાયી રહેશે.

મકર : આજે તમે રોજિંદા કાર્યોથી અલગ પોતાના રસના કાર્યોમાં સમય પસાર કરશો. સંબંધોને વધારે મધુર બનાવવાની કોશિશ તમે કરશો. આજે વ્યવસાયમાં તમને કોઈ મહત્ત્વપૂર્ણ સફળતા પ્રાપ્ત થવાની છે.

કુંભ : ફાયનાન્સને લગતા કાર્યો વ્યવસ્થિત રીતે પૂર્ણ થઈ જશે. મહેમાનોના સત્કારમાં પણ યોગ્ય સમય પસાર થશે. વ્યાપારિક નવી યોજનાઓને શરૂ કરવાનો યોગ્ય સમય છે. મિત્રો સાથે પારિવારિક ગેટ-ટુ-ગેધર બધાને સુખ રાખશે.

મીન : તમે તમારા પરિવાર તથા વ્યક્તિગત કાર્યોને પહેલી પ્રાથમિકતા આપો. સુખદ અને આનંદદાયક યાત્રાનો પ્રોગ્રામ બનશે. વ્યવસાયમાં બધા કાર્યો ચોક્કસ સમયે પૂર્ણ થઈ જશે. ઘરનું વાતાવરણ સુખદ અને સુખમય રહેશે.

### ૩ દિવસમાં દુષ્કર્મની ત્રીજી ઘટના

## રાજકોટમાં ૫ વર્ષની બાળાને ચોકલેટ આપવાની લાલચ આપી કારખાનામાં લઈ જઈ શખસે દુષ્કર્મ આચર્યુ



રાજકોટ,
રાજકોટમાં છેલ્લા ત્રણ દિવસમાં દુષ્કર્મની ત્રણ ઘટના બની છે. આજે પાંચ વર્ષની બાળાને ચોકલેટ આપવાની લાલચ આપી કારખાનામાં લઈ જઈ એક શખસે દુષ્કર્મ આચર્યું હોવાની ફરિયાદ નોંધાઈ છે. શહેરના ગોંડલ રોડ પર પાસપોર્ટની ઓફિસ પાછળ ઉદ્યોગનગરમાં કારખાનામાં કામ કરતો અને મૂળ ઉત્તર પ્રદેશના ગોંડા જિલ્લાનો એક શખસ પાંચ જ વર્ષની બાળાને ચોકલેટ આપવાના બહાને કારખાનામાં લઈ ગયો હતો. બાદમાં કારખાનામાં જ બાળા પર દુષ્કર્મ આચર્યું હતું. બાદમાં પોલીસની પૂછપરછમાં આરોપીએ સગીર હોવાનો દાવો કર્યો છે. ઘટના બાદ બાળા રડતી રડતી ઘરે આવી હતી અને પરિવારજનોને સમગ્ર વિગત જણાવી હતી. આથી પરિવાજનોએ પોલીસને જાણ કરતાં એ ડિવિઝન પોલીસ દોડી આવી હતી. પોલીસે આ શખસ વિરૂદ્ધ દુષ્કર્મ, પોક્સો હેઠળ ગુનો નોંધી હવસખોરની અટકાયત કરી આગળની તજવીજ હાથ ધરી છે.

આ બનાવમાં એ ડિવિઝન પોલીસે ભોગ બનેલી પાંચ વર્ષની બાળકીના માતાની ફરિયાદ પરથી યુપીના શખસ વિરૂદ્ધ IPC 376 તથા પોક્સોની કલમો હેઠળ ગુનો નોંધ્યો છે. દુષ્કર્મ આચરનાર શખ્સ પણ સગીર વયનો હોવાનું તે કહેતો હોય પણ તેની પાસે કોઈ આધાર પૂરાવા ન હોવાથી પોલીસે તેના ઉંમરના પૂરાવા મંગાવવા અને તબીબી ચકાસણી કરાવવા તજવીજ હાથ ધરી છે.

ફરિયાદીએ પોલીસને જણાવ્યું હતું કે, અમે સ્વજનો સાંજે ઘરમાં હતાં ત્યારે સાડા સાતેક વાગ?યે મારી પાંચ વર્ષની દીકરી પડોશીની દીકરી સાથે રમવા જવાનું કહીને ઘરમાંથી બહાર ગઈ હતી. થોડીવાર પછી મારી દીકરી રડતી રડતી આવી હતી. આથી મેં તેને શું થયું? કોઈએ મારકૂટ કરી કે શું? એ સહિતના સવાલ પૂછતાં દીકરીએ પોતાના ગુપ્ત ભાગ તરફ ઈશારો કરી બળતરા થતી હોવાનું કહેતાં અમે ચોંકી ગયા હતાં.

અમે તપાસ કરતાં દીકરીએ પહેરેલી લેગીજ ફાટેલી જોવા મળી હતી અને તેના ગુપ્તભાગે લાલ ચાંભા જેવુ દેખાયું હતું. આથી અમે દીકરીને શું થયું? તેમ પૂછતાં તેણે જણાવ્યું હતું કે, કારખાનામાં કામ કરતો છોકરો મને ચોકલેટ અપાવવાના બહાને લઈ ગયો હતો અને પૂઠાના કારખાનામાં લઈ જઈ જમીન પર મને સુવડાવી મારી સાથે ખરાબ કર્યું હતું. દીકરીએ આ હકિકત જણાવતાં જ અમે ઘરના પુરૂષ સભ્યને બોલાવ?યા હતાં અને પોલીસને ૧૦૦ નંબર ઉપર જાણ કરતાં પોલીસની ગાડી આવી હતી.

એ ડિવિઝન પોલીસ સ્ટેશનના પીઆઈ કે.એન. ભુકણ, પીએસઆઇ બી. એચ. પરમાર સહિતે ગુનો નોંધી હવસખોરને સકંજામાં લીધો હતો. જો કે. આ શખસ પોતે સગીર વયનો હોવાનું કહેતો હોય પોલીસ તેને ઝુવેનાઈલ કોર્ટમાં રજૂ કરવા તજવીજ કરશે. તેમજ તેના ઉંમરના આધાર પૂરાવા મેળવવા કાર્યવાહી કરશે. આ શખસ થોડા દિવસ પહેલા જ કારખાનામાં મજૂરીએ રહ્યો હતો. બનાવ વખતે કારખાનાના ડેલામાં કોઈ ન હોય તેણે માસુમ બાળકીનો દેહ પીંખી નાંખ?યો હતો. આ ઘટનાને પગલે ચકચાર જાગી છે અને હવસખોર પર લોકો ફિટકાર વરસાવી રહ્યા છે.

ગઈકાલે રાજકોટ ધોરણ ૯માં અભ્યાસ કરતી ૧૬ વર્ષની સગીરા પર તેના પિતાના જ મિત્રએ ઘરે બોલાવી પગે ચૂંદડી બાંધી દુષ્કર્મ ગુજાર્યું હતું. આ બનાવમાં પેટમાં દુખાવો ઉપડતા તેણીએ માતાને દુઃખની દાસ્તાન વર્ણવી હતી. જે બાદ મહિલા પોલીસમાં એફઆઈઆર કરતા પોલીસે દુષ્કર્મ અને પોક્સોની કલમ હેઠળ ગુનો નોંધીને આરોપીની ધરપકડ કરી હતી. ૧૦મી એપ્રિલે રાજકોટ શહેરની એક નામાંકિત કોલેજમાં ફરજ બજાવતાં પ્રોફેસરની પત્ની સાથે મિત્રતા કેળવી મોબાઈલની દુકાનમાં નોકરી કરતા અરુણ જોશી નામના શખ્સે પ્રોફેસરની પત્નીનો નગ્ન ફોટો મગાવી તે ફોટાના આધારે તેને બ્લેકમેઈલ કરી સતત ૮ વર્ષથી બળજબરીથી શરીરસંબંધ બાંધતો હતો તેવી ફરિયાદ નોંધાઈ હતી. છ દિવસ પૂર્વે નરાધમે મહિલાના મોબાઈલ પર મેસેજ કરતાં તે મેસેજ પ્રોફેસર પતિ વાંચી જતાં ભાંડો ફૂટ્યો હતો અને મામલો ગાંધીગ્રામ પોલીસ સુધી પહોંચ્યો હતો. જેને પગલે એફઆઈઆરના આધારે પોલીસે આરોપી અરુણ જોશીની ધરપકડ કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.દરમિયાન પ્રેમી વતન ઉત્તરપ્રદેશમાં પાડોશમાં રહેતી તરૂણીને લગ્નની લાલચ આપી ભગાવીને સુરતના કીમ ખાતે લાવ્યો હતો. ત્યારબાદ બાદ તે વતન પરત જવા માગતી હોય પ્રેમીએ તેની સાથે દુષ્કર્મ આચર્યું હતું અને વતન જવા ફરી જીદ કરતા તેને જીવતી સળગાવી હતી. જો કે, પ્રેમિકા બચી ગઈ હતી અને હોસ્પિટલમાં દાખલ કરી રસોઈ બનાવતા દાઝી હોવાનું જુઠ્ઠાણુ ફેલાવ્યું હતું. તરૂણી સ્વસ્થ થતા પ્રેમી વિરુદ્ધ ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપી પ્રેમીને ઝડપી ઉત્તરપ્રદેશ પોલીસને સોંપ્યો હતો.

# દાહોદ આવૃત્તિ

દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર


## દાહોદના ખરોદા નવાવાસે ત્રણ રસ્તા પર મારક હથિયારો સાથે ધાડ પાડવા આવેલ ધાડપાડુ ગેંગના બે ઈસમોને પોલીસે ઝડપ્યા

દાહોદ,

દાહોદ તાલુકાના ખરોદા નવાવાસ ત્રણ રસ્તા પર ધારીયા, લાકડી, ગોફણ બંદુક જેવા હથિયારોથી સજજ થઈ ધાડ પાડવા આવેલ મધ્યપ્રદેશની કુખ્યાત ધાડપાડુ ગેંગના ૬ જેટલા ધાડપાડુઓએ પેટ્રોલીંગમાં નીકળેલ દાહોદ એલસીબી પોલીસને ઓળખી જતાં છ પૈકીના ચાર ધાડપાડુ નાસી જવામાં સફળ રહ્યા હતા જ્યારે બાકીના બે પકડી પાડી તે બંને પાસેથી રોકડા, મોટર સાયકલ, મોબાઈલ ફોન, બંદુક, જીવતા કારટીસ વગેરે મળી રૂા. ૧,૨૬,૭૦૦ના મુદ્દામાલ પકડી પાડી કબજે લઈ ધાડ પાડુઓનો ધાડ પાડવાનો પ્લાન નિષ્ફળ બનાવ્યો હતો.

મધ્યપ્રદેશના ઝાબુઆ જિલ્લાના મેઘનગર તાલુકાના સાતશેરો, પરમાર ફળિયાના શેતાનભાઈ ઝીથરાભાઈ નીનામા, શંતુભાઈ નજુડાભાઈ મેડા, મીરભાઈ કાળીયાભાઈ મોહનીયા, મુકેશભાઈ કાળીયાભાઈ મોહનીયા, મુકેશભાઈ નજુડાભાઈ મેડા તથા નવલસીંહ તુફાનભાઈ દહમાં એમ કુલ છ ધાડપાડુઓ ગઈકાલે સવારે સાડા સાત વાગ્યાના સુમારે દાહોદ તાલુકાના ખરોજા નવાવાસ ત્રણ રસ્તા પર ધારીયા, લાકડી, ગોફણ બંદુક જેવા મારક હથિયારોથી સજજ બની ધાડ પાડવા માટે આવ્યા હતા. તે દરમ્યાન પેટ્રોલીંગમાંથી પરત ફરી રહેત દાહોદ એલસીબીના પીએસઆઈ જે.બી.ધનૈશા અને સ્ટાફના માણસો ત્યાંથી નીકળતા, ધાડપાડવા આવેલ મધ્યપ્રદેશના સાત શેરો ગામની કુખ્યાત ધાડપાડુ ગેંગના માણશોએ પોલીસને ઓળખી જતાં ધાડપાડુઓ મુકેશભાઈ કાળીયાભાઈ મોહનીયા, મીરભાઈ કાળીયાભાઈ મોહનીયા, મુકેશભાઈ કાળીયાભાઈ મોહનીયા, મીરભાઈ કાળીયાભાઈ મોહનીયા, મુકેશભાઈ નજીડાભાઈ મેડા તથા નવલસિંહ તુફાનભાઈ દમાં નાસી જવામાં શફળ રહ્યા હતા. જ્યારે શેતાનભાઈ ઝીંથરાભાઈ નિનામા તથા શન્તુભાઈ નજુડાભાઈ મેડા મોટર સાયકલ લઈ નાસવા જતાં પડી જતાં પોલીસે તે બંનેને ઝડપી પાડી પોલીસે શેતાનભાઈ નિનામા પાસેથી રૂા. ૧૫૫૦ની રોકડ, રૂપિયા ૫૦૦૦ની કિંમતનો મોબાઈલ ફોન, તથા રૂપિયા ૧,૦૫,૦૦૦ની કિંમતની મોટલર સાયકલ તથા શન્તુભાઈ મેડા પાસેથી રૂા. ૧૫૦૦૦ની કંમતની બંદુક નંગ–૧, રૂા. ૧૫૦ની કિંમતના ત્રણ જીવતા કારટીસ તથા ખાલી કારટીસ તથા લોખંડનો ટુકડો ફીટ કરેલ ખાલી કારટીસ મનળી બંને જણા પાસેથી કુલ રૂા. ૧,૨૬,૭૦૦નો મુદ્દામાલ પકડી પાડી કબજે લઈ દાહોદ એલસીબી પોલીસે મધ્યપ્રદેશની કુખ્યાત ધાડ પાડુ ગેંગના ધાડપાડવાનો પ્લાન નિષ્ફળ બનાવ્યો હતો. આ મામલે દાહોદ એલસીબી પી.એસ.આઈ જીબી ધનેરાએ નોંધાવેલ ફરિયાદને આધારે દાહોદ તાલુકા પોલીસે ઈપીકો કલમ ૩૯૯, ૧૨૦ બી તથા આર્મ્સ એક્ટ કલમ ૨૫(૧–બી), એ મુજબ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## ઝાલોદ ખાતે નવચેતના જાગરણ ૨૪ કુંડી ગાયત્રી મહાયજ્ઞ અને રકતદાન કેમ્પ યોજયો

દાહોદ,

દાહોદ જિલ્લાના ઝાલોદ ખાતે મંગળવાર ના રોજ નવચેતના જાગરણ ૨૪ કુંડી ગાયત્રી મહાયજ્ઞ વિવિધ સંસ્કારો યુવા સંમેલન, મહિલા સંમેલન,વ્યસનમુકિત પ્રદર્શની, પુસ્તક મેળો, સર્વે રોગ નિદાન કેમ્પ તથા રક્તદાન કેમ્પ કાર્યક્રમ સંપન્ન થયો.



તસ્વીર : પંકજ પંડીત, ઝાલોદ

તા.૪ એપ્રિલથી ૭એપ્રિલ દરમિયાન ઈન્દ્રપ્રસ્થ શિવમ પેટ્રોલ પંપ ની પાછળ ઝાલોદ જી દાહોદ મુકામે શાંતિ કુંજ (હરિદ્વાર)ની કેન્દ્રીય ટોલી દ્વારા કાર્યક્રમ સંપન્ન કરવામાં આવ્યો હતો. તા.૪ એપ્રિલે બપોરના ૩:૦૦ કલાકથી વિશ્વકર્મા મંદિરેથી મંગલ કલશ યાત્રા નીકળી સમગ્ર ઝાલોદ નગરમાં પરિભ્રમણ કરી સાંજના ૫:૦૦ કલાકે કાર્યક્રમના સ્થળે પરત પહોંચી હતી.તા.૫ એપ્રિલ સવારમાં સામૂહિક સાધના ધ્યાન તથા પ્રજ્ઞા યોગ ત્યાર પછી ગાયત્રી મહાયજ્ઞ અને દેવપૂજનનો કાર્યક્રમ સંપન્ન થયો. બપોરના ૩:૦૦ કલાકે ગુજરાત રાજય ગાયત્રી પરિવારના યુવા સંયોજક કિરીટભાઈ સોની દ્વારા યુવા સંમેલન યોજવામાં આવ્યું. તેઓની સાથે શાંતિકુંજ ના પ્રતિનિધિ ઓમ પ્રકાશ જાદવ હાજર રહ્યા હતા. જેમાંથી ૬૫ જેટલા યુવા ભાઈ બહેનો યુવા સંગઠનમાં જોડાવાની અને કાર્ય કરવાની તત્પરતા બતાવી છે.

તા.૬ એપ્રિલે ગાયત્રી મહાયજ્ઞ તેમજ ૧૧૦ ભાઈ–બહેનોએ મંત્ર દીક્ષા ,૧૩ બહેનોને પુસંવન સંસ્કાર, ૫ નામકરણ સંસ્કાર, ૩ વિદ્યારંભ સંસ્કાર કરવામાં આવ્યા હતા. બપોરના ૧: ૦૦થી ૩:૦૦ કલાક દરમિયાન સર્વ રોગ નિદાન કેમ્પ રાખવામાં આવ્યો હતો. બપોરના ૩:૦૦ કલાકે પ્રજ્ઞા પુત્રી મીનાક્ષી બહેન કાબરીયા દ્વારા મહિલા સંમેલન યોજવામાં આવ્યું હતું અને સાંજે વિશાળ દીપ યજ્ઞનું આયોજન હતું. કાર્યક્રમના અંતિમ દિવસે મહાયજ્ઞની પૂર્ણાહુતિ દરમિયાન ઝાલોદ તાલુકાના ધારાસભ્ય મહેશભાઈ ભુરીયા હાજર રહી યજ્ઞમાં આહુતિઓ આપી આરતીમાં ભાગીદારી કરી હતી. ધારાસભ્ય દ્વારા શાંતિકુંજના પ્રતિનિધિઓનું સાલ ઓઢાડી સન્માન તથા ૩૦ જેટલ ગાયત્રી પરિવારના કાર્યકર્તાઓનું પણ સાલ ઓઢાડી સન્માન કરાયું. ત્યાર પછી તેઓ દ્વારા ઝાલોદ તાલુકાની ૨૬૨ પ્રાથમિક શાળાઓ માટે જીવન ઉપયોગી સાહિત્ય માટે ૨૧૦૦૦ રૂપિયા દાન પણ આપવામાં આવ્યું હતું. રક્તદાન કેમ્પમાં ૩૮ ભાઈ બહેનોએ રક્તદાન કર્યું. કાર્યક્રમ દરમિયાન જીવન ઉપયોગી સાહિત્ય અડધી કિંમતે આપવામાં આવ્યું હતું. આયુર્વેદિક અને હોમિયોપેથિક કેમ્પ પણ રાખવામાં આવ્યો હતો. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે ઝાલોદ તાલુકા ગાયત્રી પરિવાર તેમજ મુવાડા ગાયત્રી પરિવારના ભાઈ બહેનો અને ગાયત્રી શક્તિપીઠ લીમડીના ભાઈ બહેનોના સંયુક્ત પ્રયાસથી કરવામાં આવ્યો હતો. ઉપરોક્ત માહિતી પંચમહાલ ઉપઝોનના યુવા સંયોજક ગોપીચંદ ભુરીયા દ્વારા આપવામાં આવે છે.

## ખુદ દારૂબંધીની ગુલબાંગો પોકારતાં તંત્રની અદેખાઈ : દાહોદની મામલતદાર કચેરી વિસ્તારમાં દારૂની ખાલી બોટલો જોવા મળી



તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દાહોદ શહેરમાં આવેલ મામલતદાર કચેરી વિસ્તારમાં ખાલી દારૂની બોટલોનો જમાવડો જોવાતાં ખુદ સરકારી કચેરીઓમાં દારૂબંધીના ધજાગરા ઉડતાં જોવા મળી રહ્યાં છે. આ કચેરીના વિસ્તારમાં દારૂની બોટલો જોવા મળતાં કચેરીએ કામકાજ અર્થે આવતાં લોકોમાં અનેક સવાલોએ જન્મ લીધો છે.

દાહોદની મામલતદાર કચેરીમાં આવેલ ઈ–ધારા કચેરીની પાછળ ખાલી દારૂની બોટલો જોવા મળી રહી છે. આ દારૂની મીજબાની કોણ માણતું હશે ? તે એક સવાલ ઉભો થવા પામ્યો છે. ખુદ દારૂ બંધીના નારા લગાવતું સરકાર તંત્ર જાણે ઘોર નિંદ્રામાં જોવાઈ રહ્યું છે. ખુદ આ સરકારી કચેરીમાં દારૂની ખાલી બોટલો નજરે પડતાં કચેરી ખાતે કામકાજ માટે આવતાં લોકોમાં પણ અનેક સવાલો ઉભા થવા પામ્યાં છે. સરકારી તંત્ર એક તરફ દારૂ બંધીની ગુલબાંગો પોકારી રહી છે. ત્યારે બીજી તરફ ખુદ સરકારી કચેરીઓમાંજ દારૂની રેલમછેલ વચ્ચે મીજબાની પણ માણવામાં આવતી હોવાની બુમોને પગલે આ તંત્ર માટે એક તપાસનો વિષય બની રહેશે. દાહોદમાં આમેય વિદેશી દારૂની હાટડીઓ ઠેક ઠેકાણે બેરોકટોક ચાલી રહી છે અને તેમાંય તંત્રની નજર રહેમ હેઠળ આવા વિદેશી દારૂનો વેપલો કરતાં તત્વો પર પોલીસ લગામ કસશે તે પણ જરૂરી છે. પરંતુ અહીં સવાલ એ છે કે, સરકારી કચેરીઓ જેવા વિસ્તારોમાં જો દારૂની ખાલી બોટલો જોવા મળતી હોય તો તંત્રની દારૂબંધીની કામગીરી પર પણ અનેક સવાલો ઉઠવા પામ્યાં છે.

## દે.બારીયાના ભથવાડા ટોલબુથ પાસે ખાનગી એમ્બ્યુલન્સ માંથી ૧.૧૮ લાખનો વિદેશી દારૂ ઝડપ્યો

દાહોદ,

દાહોદ જિલ્લાના દેવગઢ બારીઆ તાલુકાના ભથવાડા ટોલનાકા પાસેથી પીપલોદ પોલીસે એક ખાનગી એમ્બ્યુલંશ ફોર વ્હીલર ગાડીમાંથી રૂા. ૧,૧૮,૩૧૦ના વિદેશી દારૂના જથ્થા સાથે કુલ રૂા. ૫,૨૧,૩૧૦નો મુદ્દામાલ કબજે કરી એમ્બ્યુલન્સશ ગાડીના ચાલકની અટકાયત કરી હોવાનું જાણવા મળે છે. દેવગઢ બારીઆ તાલુકાની પીપલોદ પોલીસને મળેલ બાતમીના આધારે ગતરોજ ભથવાડા ટોલનાકા પાસે નાકાબંધી કરી આવતાં જતાં તમામ નાના મોટા વાહનોની તલાસી હાથ ધરી રહી હતી. તે સમયે બાતમીમાં દર્શાવેલ એક ખાનગી એમ્બ્યુલંશ ફોર વ્હીલર ગાડી ત્યાંથી પસાર થતાં પોલીસ સાબદી બની હતી અને ગાડી નજીક આવતાંની સાથે તેને ચારેય તરફથી ઘેરી લઈ ગાડીના ચાલક વિક્રમસિંહ લક્ષ્મણસિંહ દેવડા (રાજપુત) (રહે. મોડવા, મોડવા ફળિયા, તા.ગોગુંદા, જિ.ઉદેપુર, રાજસ્થાન) ની અટકાયત કરી ગાડીની તલાસી લેતાં તેમાંથી વિદેશી દારૂની કુલ બોટલો નંગ. ૨૮૫ જેની કિંમત રૂા. ૧,૧૮,૩૧૦ તેમજ ગાડીની કિંમત મળી કુલ રૂા. ૫,૨૧,૩૧૦નો મુદ્દામાલ પોલીસે કબજે કરી ઉપરોક્ત ગાડીના ચાલક વિરૂધ્ધ પીપલોદ પોલીસે પ્રોહીનો ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. દાહોદ જિલ્લામાં વિદેશી દારૂ ઘુસાડવા માટે જિલ્લાને અડીને આવેલ મધ્યપ્રદેશ અને રાજસ્થાન રાજ્યના બુટલગર ઈસમો તેમજ ઠેકેદારો દ્વારા નવો કીમીયો અપનાવ્યો છે. જેમાં ખાનગી એમ્બ્યુલન્સમાં વિદેશી દારૂ ભરી દાહોદ જિલ્લા સહિત આસપાસના જિલ્લાઓમાં વિદેશી દારૂ ઠાલવવામાં આવી રહ્યો છે. પોલીસે દ્વારા આવી જિલ્લામાંથી અવર જવર કરતી ખાનગી એમ્બ્યુલન્સનો વધુ તપાસ હાથ ધરવામાં આવે તો વધુ માત્રામાં વિદેશી દારૂ મળી શકે તેમ છે અને બુટલેગરોને પકડી પાડવામાં સફળતા મળે તેમ છે.

## ઝાલોદ અને લીમડી નગરમાં પોલીસ સ્ટાફ દ્વારા સિનિયર સિટીઝનને ઘરે ઘરે જઈને પૂછપરછ કરી



ઝાલોદ,

ઝાલોદ નગર અને લીમડી નગર ખાતે પોલીસ સ્ટેશનના સ્ટાફ દ્વારા નગરના દરેક વિસ્તારોમાં જઈ સિનિયર સિટીઝનના નાગરિકોની મુલાકાત કરી હતી. પોલીસ સ્ટાફ દ્વારા સિનિયર સિટીઝનના વ્યક્તિઓને રહેવા, ખાવા પીવામાં કોઈ તકલીફ કે કોઈ જાણી અજાણી વ્યક્તિ દ્વારા કોઈ હેરાનગતિ નથી થઈ રહેલ તેનાં વિશે પૂછતાછ કરી હતી. એકલા રહેનાર સીનિયર સિટીઝનને કોઈ પણ કટોકટીના પળમા પોલીસ પાસે સહાયતા માંગવા માર્ગદર્શન આપ્યું હતું. તેમજ આજના યુગમાં બનતી સાયબર ઘટના વિશે પણ માહિતી આપી હતી. દરેક વિસ્તારોમાં જઈને સિનિયર સિટીઝનને સાયબર ક્રાઈમ અંગે સમજ અને માર્ગદર્શન પૂરૂં પાડ્યું હતું. હાલ સાયબર ક્રાઈમ અંગેના ગુના વધી રહ્યા છે તે ગુનાઓને અટકાવવા માટે પોલીસ દ્વારા તમામ સિનિયર સિટીઝનને તે અંગેનું માર્ગદર્શન આપ્યું. કોઈ પણ અજાણી વ્યક્તિને પોતાની કોઈ પ્રાઈવેટ માહિતી કે ઓટીપી કે બેંક ડિટેઈલ આપવી નહીં તેવી જરૂરી સૂચનો કર્યા. આમ પોલીસ દ્વારા સિનિયર સિટીઝનની મુલાકાત લઈ પોલીસ સદા તેમની સાથે છે. તેમ કહી પોલીસના સંપર્ક કરવાં માટેના નંબર પણ આપ્યા હતા. સીનિયર સિટીઝનની મુલાકાત પોલીસ દ્વારા લેવામાં આવતા સીનિયર સિટીઝનના લોકોનો આત્મવિશ્વાસ વધ્યો હતો.

## દાહોદ જિલ્લાના ગરબાડામાં પાણીની ટાંકીમાં બાળકી પડી જતા મોત



તસ્વીર : વિપુલ જોષી, ગરબાડા

ગરબાડા,

ગરબાડામાં હનુમાન મંદિર પાછળ ત્રણ વર્ષીય બાળક પાણીની ટાંકીમાં પડી જતા બાળકનું મોત નિપજ્યું હતું. આજે વહેલી સવારે ગરબાડા હનુમાન મંદિર પાછળ રહેતા અને પકોડીનો ધંધો કરી પોતાનું અને પરિવારનું ગુજરાન ચલાવતા પરપ્રાંતિય ઘનશ્યામભાઈ શરમળભાઈ કુશવાની છોકરી ખુશ્બુબેનનો ત્રણ વર્ષીય બાળક અનુરાગ વહેલી સવારે ઓકે આંગણામાં રમતો હતો. પરીવારજનો ઘરકામ કરતાં હતાં. થોડીવાર પછી બાળક ઘરનાં આંગણામાં ન દેખાતા પરિવારજનો આજુબાજુ શોધવા લાગ્યા હતા. ત્યારે ટાંકીનું ઢાંકણ ખુલ્લું દેખાતા ટાંકીની અંદર શોધખોળ કરતા અનુરાગ પાણીમાં ડૂબેલી હાલતમાં મળી આવ્યો હતો. બાહર કાઢી તપાસતા તેનું મોત નિપજ્યું હતું. ત્રણ વર્ષીય માસુમ બાળકનું મોત થતા પરિવારમાં શોખનું મોજુ ફરી વળ્યુ હતું. આ બાબતની જાણ પરિવારના લોકોએ પોલીસને કરતા પોલીસે બાળકના મૃતદેહનો કબજો લઈ પોસ્ટમોર્ટમ અર્થે ગરબાડા સી.એચ.સી. ખાતે મોકલી અકસ્માતનો ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી.

## મહિલાઓ, બાળકો અને સીનીઅર સિટીઝનોની સુરક્ષા હેતુ પોલીસની SHE ટીમ કાર્યાન્વિત

દાહોદ,

આજના ડિજીટલ વિશ્વમાં સાયબર ક્રાઈમ સતત વધી રહ્યો છે અને લોકો વિવિધ પ્રકારની ઓનલાઈન છેતરપિંડીનો ભોગ બન્યા તેનું મુખ્ય કારણ જાગૃતિનો અભાવ છે. વરિષ્ઠ નાગરિકો આવા પ્રકારના ગુનાઓ માટે વધુ સંવેદનશીલ હોય છે. કારણ કે તેઓ ઝડપથી બદલાતી ટેક્નોલોજીને સ્વીકારતા નથી. આ બાબતને ધ્યાનમાં લઈને દાહોદની પોલીસની શી ટીમ દ્વારા વરિષ્ઠ નાગરિકો માટે સાયબર ક્રાઈમ જાગૃતિ અભિયાન શરૂ કરવામાં આવ્યું છે. જ્યાં પોલીસની SHE ટીમ દરેક સિનિયર સિટિઝનની તેમના વિસ્તારની મુલાકાત લઈને સાયબર ક્રાઈમના પ્રકારો અને સલામતીનાં પગલાં વિશે જાગૃતિ ફેલાવશે. દરેક SHE ટીમ ખાસ જેકેટ પહેરીને દરેક વરિષ્ઠ નાગરિકને તેમના વિસ્તારમાં સાયબર ક્રાઈમના પ્રકારો અને સલામતીનાં પગલાં વિશે જાગૃતિ લાવવા મુલાકાત લેશે. વરિષ્ઠ નાગરિકો આપણા સમાજનો મહત્વનો ભાગ છે અને પોલીસની જવાબદારી છે કે તેઓ તેમને પરિવાર જેવો અનુભવ કરાવે અને તેમની સુખાકારી અને સલામતીની ખાતરી કરે. પોલીસ તેમને મદદ કરવા માટે વિવિધ ઝુંબેશ ચલાવી રહી છે અને આવી જ એક પહેલમાં આ જાગૃતિ અભિયાન તેમને સાયબર ક્રાઈમ સામે સુરક્ષિતતા આપશે. આજના વરિષ્ઠો નાગરીકો પણ ધીમે ધીમે ટેક્નોલોજી અપનાવી રહ્યા છે. SHE ટીમ આવા વૃદ્ધોની મુલાકાત લેશે અને તેમની સાથે સહાનુભૂતિપૂર્ણ સંબંધ કેળવશે. આ ઝુંબેશ વડે વરિષ્ઠો નાગરીકોને ઓનલાઈન ગુનાઓ સામે જાગરૂક બનાવવા સાથે તેમને પરિવાર જેવો અહેસાસ પણ કરાવવામાં આવશે. પોલીસ સ્ટેશનની મુલાકાત લીધા વિના કોઈપણ કટોકટીના કિસ્સામાં SHE ટીમનો સંપર્ક કરી શકાશે. આ અભિયાનનો મુખ્ય ઉદ્દેશ્ય વરિષ્ઠ નાગરિકોમાં જાગૃતિ લાવવા અને સાયબર ક્રાઈમના વધતા જતા કેસોને રોકવાનો છે. SHE ટીમ મહિલાઓ, બાળકો અને વૃદ્ધોની સુરક્ષા અને સુરક્ષા માટે પ્રતિબદ્ધ છે. આ ટીમ ખાસ કરીને વરિષ્ઠ નાગરિકોને મદદ કરવા માનવતાવાદી અભિગમ અપનાવે છે અને વરિષ્ઠ નાગરિકો સાથે કુટુંબ જેવું વાતાવરણ બનાવે છે, તેમને સુરક્ષિત અનુભવવામાં મદદ કરે છે.

## દાહોદ LCB પોલીસે ચોરીના ૮ મોબાઈલ સાથે બે ઈસમોને ઝડપ્યા

દાહોદ,

દાહોદ એલ.સી.બી. પોલીસે ચોરીના આઠ મોબાઈલ ફોન સાથે બે ઈસમોને ઝડપી પાડી કુલ રૂા. ૯૫,૯૯૬નો મુદ્દામાલ કબજે કર્યાનું જાણવા છે. ત્યારે દાહોદ શહેર સહિત જિલ્લામાં છેલ્લા કેટલાંક સમયથી મોબાઈલ ચોરીની ઘટનાઓ વધતાં એક્શનમાં આવેલ પોલીસે મોબાઈલ ચોર ટોળકીને ઝડપી પાડવાની કામગીરી કરતાં બે ચોરને ઝડપી પાડવામાં પોલીસને સફળતા મળી છે.

દાહોદ શહેર સહિત જિલ્લામાં છેલ્લા કેટલાંક સમયથી મોબાઈલ ચોરીની ઘટનાઓ બનતાં જેતે મોબાઈલ માલીકો દ્વારા જેતે પોલીસ મથકે ફરિયાદ પણ નોંધાવવામાં આવી હતી ત્યારે આ મામલે ગંભીરતાં દાખવી દાહોદ જિલ્લા પોલીસવડાની સુચના અને માર્ગદર્શન હેઠળ દાહોદ જિલ્લાની તમામ પોલીસ કામગીરી કરી રહી હતી. ત્યારે દાહોદ એલ.સી.બી. પોલીસને મળેલ બાતમીના આધારે લીમખેડામાં પેટ્રોલીંગમાં હતા. તે સમયે પોલીસે ટેકનીકલ સોર્સ તેમજ હ્યુમન સોર્સના માદયમથી અગાઉ ચોરીમાં ગયેલ મોબાઈલ ઉપયોગ કરનાર ઈસમોને વિશ્વાસમાં લઈ પોલીસે એલ.સી.બી. પોલીસ મથકે બોલાવ્યાં હતા. તેઓએ આવી મોબાઈલ ફોન નંગ. ૦૩ રજુ કરી તેમના મિત્ર સાખેજ ગામે મયુર ક્લીનીક દવાખાનામાં કંમ્પાઉન્ડર તરીકે કામ કરતાં યોગેશભાઈ જયંતિભાઈ ચાવડાની પાસેથી ખરીદી કરેલ હોવાનું જણાવ્યું હતું. પોલીસે ત્યાર બાદ મોબાઈલ ફોન વેચનારને મોબાઈલ ફોન ઉપયોગ કરનાર ઈસમોને મારફતે યુક્તિ પુર્વક બીજી મોબાઈલો ખરીદી કરવાની લાલચ આપી દાહોદ જિલ્લાના લીમખેડા ખાતે બોલાવવામાં આવ્યાં હતાં. મોબાઈલ ફોન વેચનાર તેની સાથે અન્ય એક ઈસમને લઈ આવતાં તેઓ બંન્નેને મોબાઈલ ફોન ઉપયોગ કરનાર ઈસમોને દુરથી ઓળખી બતાવતાં સ્ટાફના માણસોએ કોર્ડન કરી બંન્નેને ઝડપી પાડ્યાં હતાં. પોલીસે બંન્ને ઝડપાયેલ ઈસમોને પોલીસ મથકે લાવ્યાં હતાં અને જ્યાં તેઓની પુછપરછ કરતાં પકડાયેલ ઈસમ જીતેન્દ્રકુમાર વિક્રમભાઈ ચૌહાણ (ઠાકોર)એ જણાવેલ કે પોતે (ઈકોમ કુરીયર) ગાડીના ડ્રાઈવર તરીકે નોકરી કરતો હોય તેને પોતાની સાથે કામ કરતાં સહકર્મચારી ફુલચંદભાઈ તળપદા (રહે. કઠવાડા, તા.જી.ખેડા) જે કુરીયર ગાડીનો પીકઅપ બોય સાથે મળી કુરીયર ગાડીમાં કુલ ૦૬ મોબાઈલ ફોન. એક મીક્ષર મશીન કાઢી લઈ જેમાંથી ૦૫ મોબાઈલ ફોન યોગેશને વેચાણ કરવા સારૂં આપતાં જેમાં હિતેષભાઈ સામંતસિંહ દરબાર, શંભુભાઈ આતાભાઈ રાઠોડ અને જીજ્ઞેશભાઈ કનુભાઈ પંચાલનાઓને વેચાણ કર્યા હતાં. આમ, પોલીસે બંન્ને ઈસમોને ઝડપી પાડી તેના અન્ય સાગરીનો વિરૂધ્ધ પણ ગુનો નોંધી અન્ય સાગરીતોના ધરપકડના ચક્રોગતિમાન કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## દાહોદ ઝાયડસ હોસ્પિટલમાં ગર્ભવતી મહિલાનું જટીલ સીજેરીયન એકશન સફળતા પૂર્વક પાર પડાયું



દાહોદ,

દાહોદમાં કાર્યરત મેડિકલ કોલેજ અને હોસ્પિટલ ઉત્તમ તબીબી સેવાઓ તેમજ ઉત્કૃષ્ટ સારવાર થકી મધ્ય ગુજરાતના આદિવાસી બાહૂલ્ય ધરાવતા દાહોદ જિલ્લા તેમજ રાજસ્થાન, મધ્યપ્રદેશના સરહદી જિલ્લામાં વસવાટ કરતા લોકો માટે આશીર્વાદરૂપ તેમજ સંકટમોચનની ભૂમિકા અદા કરી રહ્યું છે. તાજેતરમાં એક કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. ગુજરાત રાજ્યના દાહોદ જીલ્લાના ઝાલોદ તાલુકાના રહેવાસી ૨૧ વર્ષની મહિલા ને નવ(૯) મહિનાના ગર્ભ સાથે તાઃ–૩૦–૦૩–૨૦૨૩ ના રોજ સાંજના ૦૬:૦૦ વાગ્યાના સુમારે અત્યંત ગંભીર હાલતમાં (શ્વાસ ચઢવો, ગળફામાં લોહી આવવું, પગમાં સોજા) લાવેલ. દર્દીને ઝાયડસ હોસ્પિટલની તાત્કાલિક સારવાર વિભાગમાં (મેડીસીન) માં દાખલ કરી અને ઘનિષ્ઠ સારવાર ચાલુ કરવામાં આવી. દર્દીનું નિદાન ઝાયડસ હોસ્પિટલના અનુભવી અને જાણીતા ડો.મોહિત દેસાઈ (એમ.ડી.મેડીસીન) દ્વારા કરવા આવેલ અને એમને હૃદયની તકલીફ જણાતા પરસ્થિતિની ગંભીરતાને દયાનમાં લઈ ઈકો–કાર્ડિયોગ્રાફી કરેલ અને આગળના સચોટ નિદાન કરાવવા માટે કાર્ડિયાક એમ.આર.આઈ. ઝાયડસ હોસ્પિટલ ખાતે કરાવેલ. જેમાં હૃદયની ગંભીર તકલીફ જણાતા દર્દીને આઈ.સી.યુ.માં શિફ્ટ કરી ત્યાં ઘનિષ્ઠ સારવાર આપવામાં આવી. સી.ઈ.ઓ. પ્રો (ડો.) સંજય કુમારના માર્ગદર્શન હેઠળ મેડીસીન વિભાગના ડો.મોહિત દેસાઈ અને ટીમ ઈમરજન્સી મેડીસીનના ડો.જહાનવી ગોહિલ અને ટીમ ગાયનેકોલોજિસ્ટ ડો.રૂચી શાહ અને ટીમ અને એનેસ્થેટિક ડો.આનંદ દરજી અને એમની ટીમના અમુલ્ય સહયોગથી સફળતા પૂર્વક સારવાર કરવામાં આવી. ઝાયડસ હોસ્પિટલ ખાતે ગર્ભવતી અવસ્થામાં હૃદય ની તકલીફ હોવા છતા હાઈ રિસ્ક ઓપરેશન (સીજેરિયન સેકશન) સફળતાપૂર્વક પાર પાડવામાં આવ્યું. હાલમાં દર્દી અને બાળક બંને તંદુરસ્ત અવસ્થામાં છે. દર્દીના સગા સંબંધીએ ઝાયડસ હોસ્પિટલના તબીબોનું મારો ભાર આભાર માન્યો હતો. અત્રે ઉલ્લેખની છે કે ગર્ભવતી મહિલાઓ માટે સાદા એક્ષ–રે પણ હાનિકારક છે, તેનાથી રેડીએશનનું જોખમ રહે છે. આવી પરિસ્થિતિમાં જરૂર પડે ત્યારે એમ.આર.આઈ.થી સચોટ નિદાન સુધી પહોચી શકાય છે. જે સુવિધા ઝાયડસ હોસ્પિટલમાં ઉપલબ્ધ છે.

## જલિયાવાલા બાગ હત્યાકાંડ દિવસ

## ભારતની આઝાદીના ઈતિહાસનો એ દિવસ જેને ક્યારેય ભૂલી શકાય નહીં

જલિયાવાલા બાગમાં બનેલી ઘટના ભારતની આઝાદીના ઈતિહાસ સાથે સંબંધિત એક દિવસ હતો, જેની ઉજવણી કરવામાં આવતી નથી. આ એટલા માટે છે કારણ કે તે ઈતિહાસનો એક કાળો દિવસ છે જે ફક્ત પીડાદાયક અને ઉદાસી યાદોથી ભરેલો છે. રોલેટ એક્ટ વિરુદ્ધ શાંતિપૂર્ણ વિરોધમાં ભાગ લેવા માટે તે ભાગ્યશાળી દિવસે હજારો લોકો જલિયાવાલા બાગ ખાતે એકઠા થયા હતા, જેણે તેમના અવાજને દબાવવા અને પોલીસ દળને વધુ સત્તા આપવા સહિતના નાગરિક અધિકારોને લગભગ ઘટાડી દીધા હતા.

શું હતું જલિયાવાલા બાગ હત્યાકાંડ

જલિયાવાલા બાગ હત્યાકાંડ, જેને અમૃતસર હત્યાકાંડ તરીકે પણ ઓળખવામાં આવે છે, તે એક દુઃખદ ઘટના હતી જે ૧૩ એપ્રિલ, ૧૯૧૯ના રોજ બ્રિટિશ ભારતના પંજાબ પ્રાંતના અમૃતસર શહેરમાં બની હતી. તે બ્રિટિશ સંસ્થાનવાદી શાસનથી સ્વતંત્રતા માટેના ભારતના સંઘર્ષના સૌથી કાળા દિવસો પૈકીનો એક હતો. આ હત્યાકાંડની શરૂઆત રોલેટ એક્ટ સાથે થઈ હતી, જે ૧૯૧૯માં બ્રિટિશ સંસ્થાનવાદી સરકાર દ્વારા પસાર કરાયેલ દમનકારી કાયદો હતો, જેણે તેમને ટ્રાયલ વિના રાજદ્રોહના શંકાસ્પદ કોઈપણને કેદ કરવાની મંજૂરી આપી હતી. આ અધિનિયમને કારણે પંજાબ સહિત સમગ્ર ભારતમાં વિરોધ થયો હતો.અમૃતસરમાં, વિરોધીઓનું એક જૂથ જલિયાવાલા બાગ ખાતે એકત્ર થયું હતું. તે એક જાહેર બગીચો હતો જ્યાં બે અગ્રણી ભારતીય રાષ્ટ્રવાદી નેતાઓની મુક્તિની માંગ કરવા માટે શાંતિપૂર્ણ વિરોધ કરવામાં આવી રહ્યો હતો જેમની ધરપકડ કરવામાં આવી હતી અને રોલેટ એક્ટની વિરુદ્ધ હતી. અહીં પુરુષો, મહિલાઓ અને બાળકો પણ હાજર હતા.

જનરલ રેજિનાલ્ડ ડાયરની આગેવાની હેઠળની બ્રિટિશ સરકારે વિરોધને તેમની સત્તા માટે જોખમ તરીકે જોયો અને પગલાં લેવાનું નક્કી કર્યું. ૧૩ એપ્રિલ, ૧૯૧૯ ના રોજ, ડાયર અને તેના સૈનિકો જલિયાવાલા બાગમાં પ્રવેશ્યા અને ભીડને ફસાવવા માટે એકમાત્ર બહાર નીકળવાનો રસ્તો બંધ કરી દીધો.

ચેતવણી આપ્યા વિના, ડાયરે તેના સૈનિકોને નિઃશસ્ત્ર ભીડ પર ગોળીબાર કરવાનો આદેશ આપ્યો. લગભગ દસ મિનિટ સુધી ગોળીબાર ચાલુ રહ્યો, જ્યાં સુધી સૈનિકોનો દારૂગોળો ખતમ ન થયો. અંતે, અંદાજે ૪૦૦ થી ૧,૦૦૦ લોકો માર્યા ગયા અને ૧,૨૦૦ થી વધુ ઘાયલ થયા.

આવું જ કંઈક ભગતસિંહ સાથે થયું, તેની અસર

જલિયાવાલા બાગ હત્યાકાંડની ભગતસિંહ પર ઊંડી અસર પડી હતી. કહેવાય છે કે જ્યારે ભગત સિંહને આ હત્યાકાંડની જાણકારી મળી તો તેઓ પોતાની સ્કૂલથી ૧૯ કિલોમીટર ચાલીને જલિયાવાલા બાગ પહોંચ્યા.

અસહકાર આંદોલન શરૂ થયું

જલિયાવાલા બાગ હત્યાકાંડ પછી, સમગ્ર ભારતમાં આક્રોશ ફેલાયો અને બ્રિટિશ શાસન સામે વિરોધ શરૂ થયો. મહાત્મા ગાંધી, જેમણે અગાઉ વિશ્વ યુદ્ધ-૧માં બ્રિટિશ રાજને ટેકો આપ્યો હતો, તેમણે પણ સંસ્થાનવાદી સરકાર સાથે અસહકાર ચળવળની હાકલ કરી હતી. આ હત્યાકાંડે ભારતીય સ્વતંત્રતા ચળવળમાં પણ મહત્વની ભૂમિકા ભજવી હતી, કારણ કે તે બ્રિટિશ શાસનની નિર્દયતા અને ભારતને સ્વતંત્રતા મેળવવાની જરૂરિયાતને પ્રકાશિત કરે છે.

ડાયરે રાજીનામું આપવું પડ્યું

આ હત્યાકાંડની વિશ્વભરમાં ટીકા થઈ હતી. દબાણ હેઠળ, ભારતના સેક્રેટરી ઓફ સ્ટેટ એડવિન મોન્ટાગુએ તપાસ માટે ૧૯૧૧માં હન્ટર કમિશનની રચના કરી. કમિશનના અહેવાલ પછી, ડાયરને પદભ્રષ્ટ કરવામાં આવ્યો. તેમને કર્નલ બનાવવામાં આવ્યા હતા અને તેમને બ્રિટન પણ પાછા મોકલવામાં આવ્યા હતા. હાઉસ ઓફ કોમન્સે ડાયર સામે નિંદાની દરખાસ્ત પસાર કરી હતી, પરંતુ હાઉસ ઓફ લોર્ડ્સે હત્યાની પ્રશંસા કરતી પ્રશંસનીય દરખાસ્ત પસાર કરી હતી. પાછળથી, દબાણ હેઠળ, બ્રિટિશ સરકારે તેમની નિંદા કરતો ઠરાવ પસાર કર્યો. ડાયરે ૧૯૨૦માં રાજીનામું આપવું પડ્યું. વર્ષ ૧૯૨૭માં જનરલ ડાયરનું બ્રેઈન હેમરેજથી મૃત્યુ થયું હતું.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.197

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

## ગોધરા તાલુકાના નદીસર ગામમાં વિકાસના કામોમાં

# ભ્રષ્ટાચાર આચરનાર ૧૨ વ્યક્તિઓ વિરુધ્ધ TDO દ્વારા કાંકણપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ

ગોધરા,

ગોધરા તાલુકાના નદીસર ગામમાં ગ્રામપંચાયત દ્વારા કરવામાં આવેલા વિકાસના કામોમાં મસમોટો ભ્રષ્ટાચાર કરવામાં આવ્યો હોવાનું સામે આવ્યું હતું, જેને લઈ જિલ્લા વિકાસ અધિકારી એ ભ્રષ્ટાચાર આચરનાર સામે પોલીસ ફરિયાદ કરવા હુકમ કરવામાં આવ્યો હતો, અને જિલ્લા વિકાસ અધિકારી દ્વારા કરવામાં આવેલ હુકમને લઈ કાકનપુર પોલીસ મથકે ગોધરા તાલુકા વિકાસ અધિકારીએ ૨ પદાધિકારી અને ૧૦ કર્મચારીઓ સામે પોલીસ ફરિયાદ નોંધાવતા સમગ્ર જિલ્લામાં ચકચાર મચી જવા પામી છે.

સરકાર દ્વારા ગ્રામીણ વિસ્તારોમાં તમામ મૂળભૂત સુવિધાઓ પુરી કરવા માટે અને ગ્રામીણ વિસ્તારના રહીશોને અવગડતા ન પડે એના માટે અનેક વિકાસ લક્ષી યોજનાઓ અમલમાં મુકવામાં આવી છે અને કેટલીક પંચાયતોમાં વિકાસના કામો થાય છે. જેમાં આવી ગ્રામ પંચાયતોને સરકાર તરફથી એવોર્ડ પણ આપવામાં આવતું હોય છે, ત્યારે બીજી તરફ આવી પણ ગ્રામ પંચાયતો છે જ્યાં ખાલી કાગળ ઉપર જ વિકાસના કામો બતાવી મોટા પાયે ખાયકી નો ખેલ ખેલવામાં આવતું હોય છે જેને લઈ ત્યાંના રહીશોને અનેક મુશ્કેલીનો સામનો કરવો પડતો હોય છે. જેમાં પંચમહાલ જિલ્લાના ગોધરા તાલુકાના નદીસર ગ્રામ પંચાયત વિસ્તારમાં આવુજ કઈક છે, જ્યાં આજદિન સુધી ત્યાંના રહીશો મૂળભૂત સુવિધાઓથી વંચિત છે જેને લઈ સ્થાનીય રહીશો માં ભારે રોષ જોવા મળી રહ્યો છે. નદીસર ગામમાં આવેલ માછી ફળિયાના રહીશોને રસ્તા ની સુવિધાઓ ન હોવાના કારણે અનેક હાલાકી ભોગવી પડી રહી છે. જેને લઈ તેઓ દ્વારા ગ્રામ પંચાયતના સત્તાધીશો પાસે અનેક વાર રજુઆત કરવા છતાં તેઓને રસ્તાઓ બનાવી આપવામાં ન આવતા સ્થાનીય રહીશો અને બાળકો ભારે હાલાકી ભોગવી રહ્યા છે.




ગોધરા તાલુકાના નદીસર ગામમાં સરકારી વિવિધ યોજનાઓ હેઠળ થયેલ વિકાસના કામોમાં ભારે ગેરરીતિ આચરવામાં આવી હોવાની અને આ તમામ વિકાસના કામોની સ્થળ તપાસ કરવા માટે શહેરાના ધારાસભ્ય જેઠાભાઇ ભરવાડ દ્વારા લેખિતમાં રજુઆત કરવામાં આવી હતી. આ સમગ્ર રજુઆત ને લઈ પંચમહાલના જિલ્લા વિકાસ અધિકારી દ્વારા નાયબ જિલ્લા વિકાસ અધિકારીની અદયક્ષતામાં ટિમો બનાવી નદીસર ગામમાં વર્ષ ૨૦૧૫ થી વર્ષ ૨૦૨૦ સુધીમાં થયેલ ૧૪માં નાણાંપંચ અને ૧૫માં નાણાંપંચના વિકાસના કામોની ચકાસણી હાથ ધરી હતી. જેમાં નદીસર ગામમાં થયેલ વિકાસના કામોમાં સીસી રોડ, પેવર બ્લોક, ગટર લાઈન તથા કુવા અને બોર જેવા કામોની સ્થળ કરવામાં આવી હતી. આ સમગ્ર કામોની સ્થળ તપાસ કરવામાં આવતા ચોંકાવનારી બાબતો સામે આવી હતી. જેને લઈ વર્ષ ૨૦૧૫ થી વર્ષ ૨૦૨૦ સુધીમાં ૧૪માં નાણાંપંચ અને ૧૫માં નાણાંપંચ યોજનાના ૩૩ જેટલા કામોની ચકસની કરી હતી જેમાં ૧૯ જેટલા વિકાસના કામો સ્થળ ઉપર જોવા મળ્યા ન હતા અને આ તમામ કામોમાં મોટાપાયે ભ્રષ્ટાચાર કરેલ હોવાનું મળી આવતા નાયબ જિલ્લા વિકાસ અધિકરી દ્વારા નદીસર ગ્રામ પંચાયત માંથી તમામ કામોના બિલ સહિતના રેકર્ડ જપ્ત કરીને તમામ રેકર્ડ ની તપાસ હાથ ધરવામાં આવી હતી. આ તમામ દસ્તાવેજોની તપાસમાં અનેક ચોંકાવનારી બાબતો સામે આવી હતી જેમાં કોરા બિલ પણ મળી આવ્યા હતા. જેમાં ફકત રકમ લખવામાં આવી હતી અને તેનું પણ નાણાંનું ચુકવણું કરી દેવામાં આવ્યું હોવાનું જણાયું હતું તેમજ સ્થળ ઉપર ન થયેલ કામોના નાણાં પણ ચૂકવી દેવામાં આવ્યા હોવાનું સામે આવ્યું હતું. માત્ર કાગળ ઉપર જ વિકાસના કામો દર્શાવી ૪૮,૧૯,૬૬૧ રૂપિયાનું ચુકવણું કરવામાં આવ્યું હોવાનું સમગ્ર તપાસ દરમિયાન બહાર આવતા તપાસ કરતી ટીમે આ અંગેનો વિગતવાર અહેવાલ જિલ્લા વિકાસ અધિકારીને સુપરત કર્યો હતો. જેના બાદ જિલ્લા વિકાસ અધિકારીએ આ સમગ્ર મામલે અને વિકાસ કામોમાં ભારે ઉચાપત અંગે ગોધરા તાલુકા વિકાસ અધિકારીને આ કૌભાંડ માં સામેલ ૨ પદાધિકારી અને ૧૦ કર્મચારીઓ સામે પોલીસ ફરિયાદ કરવા માટે હુકમ કરવામાં આવ્યો હતો. સમગ્ર ભ્રષ્ટાચાર માં એક નિવૃત્ત નાયબ કાર્યપાલક ઈજનેર, એક નિવૃત્ત અધિક મદદનીશ ઈજનેર, બે તત્કાલીન સરપંચ, ચાર તત્કાલીન તલાટી કમ મંત્રી સહિત કુલ ૧૨ જના સામે પોલીસ ફરિયાદ કરવા હુકમ પત્ર મળતાજ પંચાયત આલમમાં ખળબળાટ મચી જવા પામ્યો હતો.

સમગ્ર મામલે કાંકણપુર પોલીસ મથકે તાલુકા વિકાસ અધિકારી ગોધરા એ આજરોજ ૨–પદાધિકારી અને ૧૦– કર્મચારીઓ સામે પોલીસ ફરિયાદ નોંધાવી છે. જેમાં ભ્રષ્ટાચાર આચરનાર ૧–નિવૃત નાયબ કાર્યપાલક ઈજનેર એ.એ. નાથાની, ૧–નિવૃત્ત અધિક મદદનીશ ઈજનેર એચ.અ.ખાતુડા, ૨–તત્કાલીન સરપંચ, ૪–તત્કાલિન તલાટી કમ મંત્રી, ૪–તત્કાલીન અધિક મદદનીશ ઈજનેરનો સમાવેશ થાય છે. હાલ કાંકણપુર પોલીસ મથકના પોલીસ ઈન્સ્પેકટરે તપાસ હાથ ધરી છે.

### કોની કોની સામે નોંધાઈ પોલીસ ફરિયાદ

(૧) ડાહ્યાભાઈ રૂમાલભાઈ પરમાર-સરપંચ,વર્ષ ૨૦૧૫-૧૬
(૨) રેખાબેન વિજયભાઈ માછી-સરપંચ,વર્ષ ૨૦૧૬થી૨૦૨૨
(૩) આર.એમ.બારીયા,તલાટી કમ મંત્રી,વર્ષ ૨૦૧૩ થી ૨૦૧૬
(૪) બી.કે બારીયા,તલાટી કમ મંત્રી,વર્ષ ૨૦૧૬ થી ૨૦૧૮
(૫) પી.વી.પારેખ,તલાટી કમ મંત્રી,વર્ષ ૨૦૧૭-૧૮
(૬) એ.પી.મછાર,તલાટી કમ મંત્રી,વર્ષ ૨૦૧૮થી ૨૦૨૦
(૭) સી.વી.સુથાર,અધિક મદદનીશ ઈજનેર
(૮) કે.એસ પટેલ,અધિક મદદનીશ ઈજનેર
(૯) ધીરેન્દ્રસિંહ રાઠોડ, અધિક મદદનીશ ઈજનેર
(૧૦) એ.જી.ધીંગા, અધિક મદદનીશ ઈજનેર
(૧૧) એ.એ.નાથાણી, નાયબ કાર્યપાલક ઈજનેર
(૧૨) એચ.એ ખાતુડા,અધિક મદદનીશ ઈજનેર અને ઈન્ચાર્જ નાયબ કાર્યપાલક ઈજનેર સામે હાલ પોલીસ ફરિયાદ નોંધાઈ છે જે પૈકી બે અધિકારીઓ હાલ વય નિવૃતિ ઉપર છે.

નદીસર ગ્રામ પંચાયતમાં સરકારના વિકાસના કામોની યોજના ૧૪ મા નાણાપંચ તેમજ ૧૫ મા નાણાપંચ તથા ગ્રામ કક્ષાએ વર્ષ-૨૦૧૫-૧૬ ના ૪ કામો વર્ષ-૨૦૧૬-૧૭ના ૬ કામો વર્ષ.૨૦૧૭-૧૮ ના ૫ કામો વર્ષ-૨૦૧૮-૧૯ ના ૬ કામો વર્ષ-૨૦૧૯-૨૦ ના ૧૬ કામો મળી કુલ ૩૩ કામો પૈકી ૧૯ કામોમાં સ્થળ ઉપર કામ નહીં થયા હોવા છતાં ૪૮,૧૯,૨૬૧(અડતાલીશ લાખ ઓગણીસ હજાર છસ્સો એક્સઠ) રૂપિયાની રકમની ઉંચાપત કરી એકબીજાને મદદગારી કરી ગુનો કર્યો હોવાનો પોલીસ ફરિયાદમાં ઉલ્લેખ કરાયો છે.

## દાહોદ કસ્બાની સર્વે નં.૯૬૩/૧ પૈકી ૧ અને ૯૬૩/૨ પૈકી ૧ વાળી ૭૩એએના નિયંત્રણ ધરાવતી આદિવાસીની જમીન બિલ્ડરોના નામથી સીટી સર્વેમાં નોંધાઈ

### ૭૩ એએ મુકિત મેળવવા માટે જીલ્લા પંચાયત કચેરીમાં રેકર્ડ ન હોવા છતાં બે બિલ્ડરો તાલુકા જીલ્લામાંથી એન.એ. હુકમ મેળવ્યા

ગોધરા,

દાહોદ (કસ્બા)ના રે.સ.નં.૯૬૩/૨ પૈકી ૧ની જમીનના વર્તમાન ૭/૧૨ દસ્તાવેજ મુજબ આદિવાસી પરિવાર અને ૭૩ એએ કાયદા દ્વારા નિયંત્રણ છે. જ્યારે સીટી સર્વે રેકર્ડ મુજબ બે બિલ્ડરોના નામથી નોંધાયેલ છે અને બન્ને બિલ્ડરો દ્વારા ખાનગી પ્લોટ તરીકે વેચવા વ્યકિતગત પ્લોટમાં જમીનનું વિભાજન કરેલ છે. આ ૭૩ એએના નિયંત્રણવાળી જમીનમાં ૭૩ એએના નિયંત્રણ દુર કરવા માટેની જીલ્લા પંચાયત દાહોદ કચેરી રેકર્ડ ફાઈલ નથી. જ્યારે આ બન્ને બિલ્ડર દ્વારા સીટી સર્વે ઓફિસમાં રજુ કર્યા મુજબ તાલુકા અને જીલ્લા કચેરી માંથી બિની ખેતીનો હુકમ મેળવવામાં વ્યવસ્થાપિત થયા તે ૭૩ એએ શરતોનો ભંગ કરેલ છે અને હડપ કરવાના કારસ્તાન મળતીયાઓના મેળાપીપણામાં થયેલ હોય તેની યોગ્ય તપાસ દાહોદ મહેસુલ વિભાગ કરશે ખરું ?

દાહોદ કસ્બાની રે.સ.નં.૯૬૩/૨ પૈકી ૧ની બિનખેતીના હુકમ એક પક્ષ દ્વારા મેળવેલ શરતી બિનખેતી હુકમમાં ભવિષ્યમાં અન્ય કોઈ વ્યકિત દ્વારા ઉપયોગમાં લેવાશે તેવા ઉલ્લેખ કરાયો નથી. તેમ છતાં બિનખેતીના હુકમો આદિવાસી પરિવાર દ્વારા બે બિલ્ડરોના વેચાણ ડીલના અમલ ઉપર ઉપયોગ લેવા આવ્યા હતા. દસ્તાવેજ મુજબ સર્વે નં.૯૬૩/૧ પૈકી ૧ અને ૯૬૩/૨ પૈકી ૧ જમીનનું ક્ષેત્રફળ ૭૧૮૩ ચો.મીટર છે. જ્યારે સીટી સર્વેમાં નોંધાયેલ ક્ષેત્રફળ ૮૬૧૬ ચો.મીટર છે. સીટી સર્વે કચેરી દ્વારા નોંધણી કરતા પૂર્વ વધારાની જમીન અંગે ખુલાસો પુછવામાં આવ્યો. કે તે પણ પ્રશ્ન થાય. દાહોદ કસ્બાની ૭૩ એએના નિયંત્રણો ધરાવતી જમીન હડપ કરવા બિલ્ડરો બનાવટી દસ્તાવેજ ઉભા કરવામાં આવ્યા છે. કેમ તેની તપાસ કરવા માટે દાહોદ જીલ્લા કલેકટર કચેરી મહેસુલ વિભાગ કરે તે જરૂરી છે.

## કાલોલ તાલુકાના પરૂણા ગ્રામ પંચાયત વિસ્તારમાં મનરેગા યોજનાના જુના કામોને બીજી વખત બનાવી નવા ઠરાવો સરકારી નાણાંનો દુરઉપયોગ મામલે ટી.ડી.ઓ.ને લેખિત રજુઆત

કાલોલ,

કાલોલ તાલુકાના પરૂણા ગ્રામ પંચાયત વિસ્તારમાં મનરેગા યોજના હેઠળના જુના કામોમાં બીજી વખત કામો બતાવી તેના નવા ઠરાવો કરી તેમજ કામ ચાલુ બનાવી સરકારી કર્મચારીઓ અને સરપંચના મેળાપીપણામાં સરકારી નાણાંનો દુરઉપયોગ કરવામાં હાલોલ તાલુકા વિકાસ અધિકારીને લેખિત રજુઆત કરી તપાસ કરી કાર્યવાહી કરવામાં આવે તેવી લેખિત રજુઆત કરાઈ છે.

કાલોલ તાલુકાના પરૂણા ગ્રામ પંચાયતના સરપંચ અને સરકારી કર્મચારીઓના મેળાપીપણામાં ખુબ મોટો ભ્રષ્ટાચાર કૌભાંડ આચરવામાં આવી રહ્યો છે. તેમાં કાશીયાધોડા વિસ્તારમાં પ્રા.શાળાની કલજી માંકડીયાના ઘર સુધી માટી મેટલનું કામ મનરેગા યોજના હેઠળ બે વર્ષ પહેલા પૂર્ણ થયેલ બતાવી નાણાં ઉપાડી લેવામાં આવેલા હાલમાં આજ રસ્તા ઉપર બીજી વખત નવું ૩૦૦ મીટરનું કામ વધારે બતાવી એક્ના એક કામમાં બીજી વખત કરાયો કરી નાણાંકીય ભ્રષ્ટાચાર આચારવામાં આવી રહ્યો છે. હરીજનવાસ થી હોળી ચકલા સુધી રસ્તાનું કામ ગઈ ગયેલ બતાવે છે તેમજ રસ્તાનું બીજી વખત નામ બદલી નવું કામ નવું કામ અધરું ગમજીના ઘર સુધી કામ ચાલુ બતાવે છે. પણ સ્થળ ઉપર કામ ચાલતું નથી. પંચાયત દ્વારા અગાઉ થયેલા કામોમાં પણ જરૂરીયાતમંદ લાભાર્થીના આધારકાર્ડ લઈ તેમના ખાતામાં ખોટી રીતે પૈસા નાખી લાભાર્થીને કામ નહી આપી કામમાં મશીનરીનો ઉપયોગ કરાઈ રહ્યો છે. પરૂણા ગ્રામ પંચાયતમાં અગાઉના વર્ષમાં૦ નાળાઓ તથા ચેકડેમોના કામો ઓફ લાઈન થયેલા હતા. તે હાલ ઓન પ્રક્રિયા ચાલુ તેમજ નવા કામો ચાલુ કરવાના ઠરાવો કરવામાં આવ્યા છે.

કાશીધોડામાં રમણભાઈ વાઘજીભાઈના ઘર પાસે ડામર રોડ થી રીમલાભાઈ દલપાભાઈના ઘર સુધી માટી મેટલનું કામ સ્થળ કરવામાં આવ્યું નથી અને હાલ ઓનલાઈન માહિતીમાં કામ ચાલુ દર્શાવે છે. પરૂણા ગ્રામ પંચાયતના સરપંચ સરકારી કર્મચારીઓ તેમજ મળતીયાઓના મેળાપીપણામાં મસમોટો ભ્રષ્ટાચાર આચરવામાં આવી રહ્યો છે. ત્યારે સરકારી નાણાંના થતાં દુરઉપયોગ અને ભ્રષ્ટાચારને રોકવા માટે અરજદાર પણ કાલોલ તાલુકા વિકાસ અધિકારીને લેખિત રજુઆત કરી કાર્યવાહી કરવામાં આવે નહિ તો ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની ચિમકી ઉચ્ચારી છે.

## ગોધરા તાલુકાના અનાજ, દાળ અને તેલના જથ્થા વગર ચાલતાં મધ્યાહન ભોજ યોજના કેન્દ્રો

ગોધરા,

ગોધરા તાલુકાના ૩૨૦ થી વધુ સરકારી પ્રાથમિક શાળાઓમાં બાળકોને કુપોષણ દુર કરવા અને બાળકો નિયમીત શાળામાં આવે ભણતર મેળવે તે માટે ગુજરાતમાં મધ્યાહન ભોજન કાર્યરત છે પરંતુ ગોધરા તાલુકાના ૩૨૦ પ્રા.શાળાઓનું ચિત્ર કંઈક અલગ છે. એપ્રિલ મહિનાની ૧૩ તારીખ થવા આવી છતાં હજી સુધી એપ્રિલ માસના બાળકો માટેનું અનાજ પુરવઠા વિભાગ દ્વારા ફાળવવામાં આવ્યું નથી. માર્ચ મહિનામાં પણ ૧૫ તારીખ બાદ અનાજનો પુરવઠો પુરો પાડવામાં આવ્યો હતો. તેમાં પણ નિયત કરેલ મેનુ મુજબ ચણાનો જથ્થો ફાળવવામાં આવ્યો ન હતો. ત્યારે શાળામાં ચાલતા મધ્યાહન ભોજ સંચાલકો કેવી રીતે કેન્દ્ર ચલાવે છે. કેન્દ્રમાં અનાજ, તેલ, દાળ વગર ૧૫ દિવસ સુધી કેવી રીતે કેન્દ્ર ચાલ્યું તે તેની તપાસ થાય તો સાચી સ્થિતી સામે આવે તેમ છે.

## શહેરા વિધાનસભા વિસ્તારના છકડીયા ચોકડી ખાતે કોંગ્રેસ સમિતિ દ્વારા સંકલ્પ સત્યાગ્રહ કાર્યક્રમ યોજયો



તસ્વીર : તુષાર દરજી, શહેરા

શહેરા,

શહેરા વિધાનસભા મત વિસ્તારમાં આવેલ છકડીયા ચોકડી પાસે કોંગ્રેસ દ્વારા સંકલ્પ સત્યાગ્રહ કાર્યક્રમ યોજાયો હતો. મધ્ય ઝોનના પ્રભારી ઉષા નાયડુ, કોંગ્રેસ અગ્રણી દુષ્યંતસિંહ ચૌહાણ સહિત કોંગ્રેસ અગ્રણીઓ અને કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

શહેરા વિધાનસભા મત વિસ્તારમાં આવેલ છકડીયા ચોકડી પાસે કોંગ્રેસ દ્વારા સંકલ્પ સત્યાગ્રહ કાર્યક્રમ મધ્ય ઝોનના પ્રભારી ઉષા નાયડુની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાયો હતો. લોકોમાં જાગૃતતા આવે તે માટે કોંગ્રેસ દ્વારા આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કોંગ્રેસ અગ્રણીઓએ અદાણી પર ભાજપ કેમ મહેરબાન છે, તેમજ ભાજપ સરકારમાં મોંઘવારી વધી રહી હોય તે સહિત ભાજપ પર આકરા પ્રહારો કર્યા હતા. આ કાર્યક્રમમાં કોંગ્રેસ અગ્રણી દુષ્યંતસિંહ ચૌહાણ, જિલ્લા કોંગ્રેસ પ્રમુખ અજીતસિંહ ભટ્ટી, જે.બી. સોલંકી, પર્વતસિંહ ચૌહાણ, રંગીતસિંહ પગી, જિલ્લા પ્રભારી અશોક પંજાબી તેમજ હિમાંશુ પંડ્યા સહિત કોંગ્રેસ અગ્રણીઓ અને મોટી સંખ્યામાં કોંગ્રેસ કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. લોકસભાની ચૂંટણી આગામી સમયમાં આવનાર હોય ત્યારે રાજકીય પક્ષો પણ હવે ધીમે ધીમે તૈયારીમાં લાગી રહ્યા હોય ત્યારે કોંગ્રેસ દ્વારા પણ હવે ગ્રામીણ વિસ્તારમાં પહોંચી જઈને જનજાગૃતિને લગતા કાર્યક્રમો શરૂ કરી દેવામાં આવ્યા છે.

## હાલોલ સંજરી પાર્કના મકાનમાં જુગાર રમતા ૧૩ જુગારીયાઓને ૨.૧૧ લાખના મુદ્દામાલ સાથે LCB પોલીસે ઝડપ્યા



હાલોલ,

હાલોલ સંજરી પાર્ક બાદશાહ બાવાની દરગાહ પાસે બંધ મકાનમાં જુગાર રમતા હોય તે સ્થળે એલ.સી.બી.પોલીસે રેઈડ કરી ૧૩ જુગારીયાઓને ૨,૧૧,૪૨૦/– રૂપીયાના મુદ્દામાલ સાથે ઝડપી પાડવામાં આવ્યા.

પ્રાપ્ત વિગતો મુજબ હાલોલ સંજરી પાર્ક બાદશાહ બાવાની દરગાહ પાસે અઝરૂદ્દીન મયુદ્દીન વાઘેલા તેમના સંબંધીના ઘરમાં કેટલાક માણસો ભેગા કરી જુગાર રમાડી રહ્યા છે. તેવી બાતમીના આધારે એલ.સી.બી.પોલીસે રેઈડ કરી હતી. રેઈડ દરમિયાન અઝરૂદ્દીન ઉર્ફે અઝુ વાઘેલા, ઈમરાન અમીનખાન પઠાણ, રાજેશ રમેશચંદ્ર અગ્રવાલ, હિતેશ મહેન્દ્રભાઈ સોલંકી, માસુમખાન અબીબખાન પઠાણ, ચિરાગ હરીભાઈ પટેલ, મહેશભાઈ સોમાભાઈ રાવળ, મહેબુબ અબ્બાસ મલીક, ફિરોજભાઈ ઉર્ફે ટ્રેકટર યુસુફભાઈ મકરાણી, રામનારાયણ રામદુલારે મોર્ય, અલીભાઈ મુસાભાઈ પટેલ, મીતેશ રમણલાલ અગ્રવાલ, ઈસ્લામભાઈ મહોમંદભાઈ બંજારાને ઝડપી પાડવામાં આવ્યા હતા. ઝડપાયેલા ઈસમોની અંગઝડતી દરમિયાન રોકડા રૂા.૮૭,૭૦૦/– દાવ ઉપર મુકેલ ૩૧,૨૨૦/–, મોબાઈલ ફોન નંગ–૧૫ કિંમત ૯૨,૫૦૦/–રૂપીયા મળી કુલ ૨,૧૧,૪૨૦/–રૂપીયાના મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો. આ બાબતે હાલોલ પોલીસ મથકે જુગારધારા હેઠળ ફરિયાદ નોંધાવા પામી છે.

## મોરવા(હ)ના તાજપુરી ગામે ખેતરમાં ઉંગાડેલ ૩.૯૦ લાખના લીલા ગાંજાના જથ્થા સાથે આરોપીને ઝડપ્યો



મોરવા(હ),

મોરવા(હ) તાલુકાના તાજપુર ગામે આરોપી ઈસમે પોતાના ખેતરમાં લીલા ગાંજાના છોડનું વાવેતર કરેલ હોય તેવી બાતમીના આધારે એસ.ઓ.જી. પોલીસે પંચો સાથે રાખી રેઈડ કરતાં ખેતર માંથી ૩૯.૦૮ કિલો લીલો ગાંજો કિંમત ૩,૯૦,૮૦૦/– રૂપીયા મુદ્દામાલ સાથે ઈસમને ઝડપી પાડવામાં આવ્યો.

પ્રાપ્ત વિગતો મુજબ મોરવા(હ) તાલુકાના તાજપુરી ગામે લુખાવાડીયા ફળીયામાં રહેતા ભારતસિંહ રામસિંહ બારીયા એ પોતાના કબ્જા ભોગવટાના ખેતરમાં લીલા ગાંજાના છોડનું વાવેતર કરેલ છે. તેવી બાતમીના આધારે એસ.ઓ.જી. પોલીસે તપાસ કરતાં ખેતરમાં ઉગાડેલ લીલા ગાંજાના છોડ નંગ–૫૯ વજન ૩૯.૦૮ કિ.ગ્રા. કિંમત ૩,૯૦,૮૦૦/–રૂપીયાના મુદ્દામાલ કબ્જે લઈ આરોપી ભારતસિંહ બારીયા ઝડપી પાડી તેની વિરૂદ્ધ મોરવા(હ) પોલીસ મથકે એન.ડી.પી.એસ. એકટ હેઠળ ગુનો નોંધી કાર્યવાહી કરવામાં આવી.

## સીમલીયા ખાતે બાપ-બેટા વચ્ચે શૈક્ષણીક સંસ્થાઓનો વારસો સાચવવાની લડાઈના જંગમાં પુત્ર સામે ફરીયાદ

કાલોલ,

પંચમહાલ જિલ્લાના ઘોઘંબા તાલુકાના સીમલીયા ખાતે આવેલી શૈક્ષણિક સંસ્થાઓના સામ્રાજ્યની વચ્ચે પિતા– પુત્ર વચ્ચે અણ બનાવ બનતા દામાવાવ પોલીસ મથકે પુત્ર સામે પિતાએ ફરીયાદ નોંધાવી છે. હાલમાં ખૂબ જ ચકચાર બની ગયેલ પંચમહાલ પ્રાથમિક કેળવણી મંડળ પ્રમુખ તેમજ સીમલીયા ગામે આવેલ શાળા અને કોલેજ ઉપરાંત અન્ય સંસ્થાઓના વહીવટ કરનારા નટવરસિંહ ખુમાનસિંહ ચૌહાણ દ્વારા સંયુકત ચેરિટી કમિશનરની પૂર્વ મંજૂરી મેળવ્યા વગર જ ટ્રસ્ટની જમીનો એક ચોક્કસ કોમના લોકોને બારોબાર ભાડા પટ્ટે પધરાવી દેવાનું પાપ છાપરે ચડીને પોકારી ઉઠ્યા પછી છેલ્લા કેટલાક સમયથી તેઓએ તેમના પુત્ર અને ઘણી બધી સંસ્થાઓ માં ટ્રસ્ટી તરીકે ફરજ બજાવતા રઘુવીરસિંહ નટવરસિંહ ચૌહાણને દર કિનાર કરી દેતા બાપ બેટા વચ્ચે ગજ ગ્રાહ જામ્યો હતો. ઘણી બધી સંસ્થાઓના વહીવટ માંથી પુત્રની બાદબાકી કરી દેતા બન્ને વચ્ચે અવિશ્વાસ સર્જાયો હતો. ત્યારે મંગળવારે મોડી રાત્રે સવા અગિયાર વાગે નોંધાયેલી ફરિયાદમાં જણાવાયું છે કે, સાંજે છ કલાકે તેમનો પુત્ર રઘુવીરસિંહ માં–બેન સમાણી ગંદી ગાળો બોલી તું મને મિલ્કતમાં ભાગ આપતો નથી અને પૈસા આપતો નથી. જો મને મિલ્કતમાં ભાગ નહી આપે તો તને જીવતો છોડવાનો નથી, એમ કહીને ઘરના દરવાજા બારી બારણાના કાચ તોડી નાખ્યા હતા અને જાનથી મારી નાખવાની ધમકીઓ આપી હતી. જે બાબતે ફરીયાદ નોંધાવતા પોલીસે પિતાની ફરીયાદ આધારે પુત્ર સામે ગુનો નોંધી આગળની કાયદાકીય કાર્યવાહી હાથ ધરી છે. ત્યારે સમગ્ર શૈક્ષણિક જગતમા આ બનાવ ચર્ચાનો વિષય બની ગયો છે. લોકચર્ચા મુજબ નટવરસિંહની ઘણી બધી સંસ્થાઓના લેખાજોખા તેમનો પુત્ર રઘુવીરસિહ જાણતો હોવાથી હજુ પણ આ બાબતે નવા પ્રકરણો બહાર આવે તો નવાઈ નહિ.

## હાલોલ બગીચામાં આવેલ પાણીની પરબ બિસ્માર સ્થિતિમાં

હાલોલ,

હાલોલ નગરના ગામ બગીચા ખાતે ઘણા સમય પહેલા દાતા દ્વારા બનાવેલી પાણીની પરબ બિસ્માર હાલતમાં હોઈ પાલિકા દ્વારા ફરીથી કાર્યરત કરવા લોકમાંગ ઉઠવા પામી છે.

હાલોલના વડોદરા રોડ ઉપર આવેલ ગામ બગીચાના કોર્નર ઉપર હાલોલના દાતા દ્વારા પરબ બનાવવામાં આવી હતી. બગીચામાં આવેલ લોકોને પણ પીવાનુ પાણી મળે રોડ ઉપરથી અવાર જવર કરતા રાહદારીઓને તેમજ સારવાર માટે રેફરલ હોસ્પિટલ ખાતે આવતા લોકોને પણ આ પરબનો લાભ મળે. પરંતુ નગરના દાતાએ પોતાના ખર્ચે બગીચાની જગ્યામાં પાકુ બાંધકામ કરી તેમાં વોટર કુલર મુકી પાલિકાને સોંપવામાં આવી હતી. પ્રાથમિક સમયે તેના લોકોએ ઘણો લાભ લીધો હતો. પરંતુ સમય જતા તેની દેખભાળ બરાબર ન થતાં અને બગીચાની બહાર લારીવાળાએ તેનો દુરૂપયોગ કરતા આજે આ પરબ બિસ્માર હાલતમાં થઈ ગઈ છે. અને તે હાલમાં પેશાબ ઘર બની ગયુ છે. આમ પણ વર્ષે દહાડે પાલિકા દ્વારા બગીચાના નિભાવ માટે લાખોનો ખર્ચ કરે છે. તો આ કામ વહેલી તકે કરવામાં આવે તો તેનો લાભ નગરજનોને મળે તેવી અપેક્ષા સેવાઈ રહી છે.

## દામાવાવ પોલીસ મથકના વોન્ટેડ આરોપીને નંદેસરી થી ઝડપ્યો

ઘોઘંબા,

ઘોઘંબા તાલુકાના દામાવાવ પોલીસ મથકના પ્રોહિબીશન ગુન્હામાં નાસતા ફરતા વોન્ટેડ આરોપીને નંદેસરી વડોદરા ખાતેથી ઝડપી પાડવામાં આવ્યો. પ્રાપ્ત વિગતો મુજબ ઘોઘંબા તાલુકાના દામાવાવ પોલીસ મથકે આરોપી પ્રકાશચંદ્ર બદ્રીલાલ પીચી (વડોદરા) નંદેસરી વિરૂદ્ધ પ્રોહિબીશન ગુનો નોંધાયેલ હોય અને છેલ્લા એક વર્ષથી નાસતો ફરતો વોન્ટેડ હોય પોલીસને મળેલ બાતમીના આધારે નંદેસરીથી ઝડપી પાડવામાં આવ્યો.

## સુલીયાત ગામમાં મીડિયામાં કેમ ઈન્ટરવ્યુ આપ્યુ તેમ કહી મારી નાંખવાની ધમકી આપતા ફરિયાદ

ગોધરા,

મોરવા(હ)તાલુકાના સુલીયાત ગામે આવેલા ડાંગી ફળિયામાં રહેતા ભારતભાઈ દાનાભાઈ ડાંગીએ મોરવા(હ)પોલીસ મથકે ફરિયાદ નોંધાવવામાં આવી હતી જેમાં જણાવ્યુ હતુ કે,વિરભદ્રસિંહ વિરસિંહ વસૈયા ગત માસની ૧૫ તારીખે સવારના સમયે તેઓને જણાવ્યુ હતુ કે, તુ મોટો નેતા થઈ ગયો છે. મીડિયાવાળાઓને ઈન્ટરવ્યુ આપે છે, તેમ કહીને અપશબ્દો બોલવા લાગ્યા હતા જેને લઈને ભારતભાઈએ અપશબ્દો બોલવાની ના પાડતા વિરભદ્રસિંહ ઉશ્કેરાઈ ગયો હતો. અને ભારતભાઈને લાફા ઝીંકી દીધા હતા. જણાવ્યુ હતુ કે, હવે પછી મીડિયાવાળાઓને ઈન્ટરવ્યુ આપ્યુ તો ગામમાં રહેતા દઈશ નહિ અને જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી. ત્યારે ભારતભાઈએ આપેલી ફરિયાદના આધારે મોરવા(હ)પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.